**આજનો સુવિચાર**

જ્યાં આપણી હાજરી નથી હોતી ત્યાં આપણાં ગુણ અવગુણની હાજરી અવશ્ય હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૦૪ જૂનાગઢ તા.૧૪-૮-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 204, Junagadh : Date : 14 August, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# હિમાચલપ્રદેશનાં શિમલામાં ભૂસ્ખલન થતાં શિવમંદીર ધરાશયી : ૯નાં મોત ૫૦ દટાયા



શિમલા તા. ૧૪

હિમાચલપ્રદેશની રાજધાની સિમલામાં એક મોટો અકસ્માત થયો છે. આજે અધિક શ્રાવણ માસનાં પ્રથમ સોમવારે શિવમંદિરમાં લોકોની ભીડ હતી ત્યારે આજે સવારે ૭ વાગ્યે ભારે વરસાદને કારણે શિવ બાવડી મંદિર ભૂસ્ખલનની ચપેટમાં આવી ગયું હતું. જેના કારણે અહીં હાજર ૫૦થી વધુ લોકો કાટમાળ નીચે દટાયા હતા. અત્યાર સુધીમાં ૨ બાળકો સહિત ૯ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યાં છે. બાકીની શોધખોળ ચાલુ છે. આ મંદિર સિમલાના ઉપનગર બાલુગંજ વિસ્તારમાં આવેલું છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. શ્રાવણ સોમવારના કારણે મંદિરમાં સવારથી જ ભીડ હતી. ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. પહાડ પરથી હજુ પણ પથ્થરો પડી રહ્યા છે. કાટમાળની સાથે મંદિરની ટોચ પર ચારથી પાંચ વૃક્ષો પડી ગયાં હતાં. તેનાથી વધુ નુકસાન થયું છે. NDRFની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે.

સીએમ સુખવિંદર સિંહ સુખુ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર કાટમાળ હટાવવાનું કામ કરી રહ્યું છે. ફસાયેલાલોકોને બહાર કાઢવામાં આવીરહ્યા છે. બીજીતરફ સીએમના મીડિયા એડવાઈઝર નરેશ ચૌહાણે કહ્યું કે, ૧૦થી ૧૫ લોકો ફસાયા હોવાની આશંકા છે.

## ઉત્તરાખંડ- હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ - ભૂસ્ખલનથી ૨૧નાં મોત

દહેરાદુન તા.૧૪

ઉતરાખંડ તથા હિમાચલપ્રદેશમાંઆકાશીઆફતે હાહાકાર સર્જયો છે. અતિ ભારે વરસાદ વાદળો ફાટવા જેવી ઘટનાઓ વચ્ચે ઠેકઠેકાણે ભુસ્ખલન સર્જાતા ૨૧ થી વધુ લોકોના મોત નિપજયા છે અને અનેક લોકો લાપતા બન્યા છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે પુર અને ભુસ્ખલન સર્જાયા હતા. વ્યાસ નદી ગાંડીતુર બનવા સાથે પાણી ગામડાઓમાં ઘુસતા પુર સ્થિતિ સર્જાઈ હતી.સોલનનાં જાહોન ગામમાં વાદળ ફાટતા પાંચ લોકોનાં મોત થયા હતા અને ત્રણ લોકો પાણીમાં તણાઈ ગયા હતા. પુર જેવી હાલતથી ગૌશાળા તથા બે મકાન પણ વહી ગયા હતા. રાજયભરમાં તમામ સ્કુલ-કોલેજો બંધ કરી દેવામાં આવી છે અને યલો એલર્ટ જારી કરવામાં આવી છે.

### ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ રાષ્ટ્રજોગ સંબોધન કરશે

# આવતીકાલે લાલકિલ્લાની પ્રાચીએથી વડાપ્રધાન મોદીનાં સંબોધન પર તમામની મીટ

### ૨૦૨૪ની ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદીનું છેલ્લું સંબોધન બની રહેશે : સંબોધનમાં વિવિધ યોજનાઓ અને મંત્રાલયોની ઉપલબ્ધિઓ તેમજ મણિપુરમાં શાંતિ જાળવવા અપીલ કરી શકે છે

નવી દિલ્હી, તા.૧૪

સ્વતંત્રતા દિવસ પહેલા દેશ ત્રિરંગાના રંગમાં રંગાઈ ગયો છે. આઝાદીનાગીતોગુંજી રહ્યાછે ત્યારે લોકોમાં દેશ ભક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૭૭માં સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિ ભવને કહ્યું કે, આ સંબોધન સાંજે ૭ વાગ્યાથી ઓલ ઈન્ડિયા રેડિયોના રાષ્ટ્રીય નેટવર્કપર પ્રસારિત કરવામાં આવશે. તે તમામ દૂરદર્શન ચેનલો પર હિન્દીમાં અને પછી અંગ્રેજીમાં ટેલિકાસ્ટ કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં ટેલિકાસ્ટ કરવામાં આવશે.

સ્વતંત્રતા દિવસના અવસર પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે મંગળવારે લાલ કિલ્લાની પ્રાચી પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. પીએમ મોદીનું લાલ કિલ્લા પરથી દેશને આ ૧૦મું સંબોધન હશે. આવી સ્થિતિમાં વડાપ્રધાન મોદી ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી શું બોલશે તેના પર સૌની નજર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બીજાકાર્યકાળનું આ પાંચમું અને છેલ્લું ભાષણ હશે.

આ જ કારણ છે કે પીએમનું આ ભાષણ આવતા વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણીનો એજન્ડા અને વર્ણન નક્કી કરશે. આવી સ્થિતિમાં, જ્યારે આગામી વર્ષે એપ્રિલ-મેમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે પીએમના સંબોધનનું ફોકસ રાષ્ટ્રીય અને સામાજિક મુદ્દાઓ ઉપરાંત ચૂંટણીલક્ષી મુદ્દાઓ પર હોઈ શકે છે

આવતા વર્ષે લોકસભાની ચૂંટણીને કારણે સરકાર વચગાળાનું બજેટ પણ રજૂ કરશે, તેથી ચૂંટણી પહેલાં જ બજેટમાં લોકશાહી અને મોટી જાહેરાતો કરવાનો સરકારને અવકાશ રહેશે નહીં. આવી સ્થિતિમાં, નિષ્ણાતોના મતે, લાલ કિલ્લા પરથી સરકારની ઉપલબ્ધિઓ જણાવવાની સાથે, પીએમ આવી મોટી યોજનાઓની જાહેરાત કરી શકે છે, જેની અસર આવતા વર્ષની શરૂઆતમાં જમીન પર જોવા મળી શકેછે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી લાલ કિલ્લા પરથી પીએમના ભાષણની તૈયારીઓ ચાલી રહી છે.

ગયા મહિને જ વડાપ્રધાન મોદીએ કેબિનેટની બેઠકમાં તમામ મંત્રીઓ સાથે ૧૫ ઓગસ્ટના ભાષણ વિશે ચર્ચા કરી હતી અને તેમને લાલ કિલ્લા પરથી સંબોધનમાં સમાવિષ્ટ મંત્રાલયોની ઉપલબ્ધિઓ અને ભાવિ યોજનાઓ વિશે માહિતી આપવા કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમે કેબિનેટ મંત્રીઓને પૂછ્યું હતું કે તમારા મંત્રાલયની સિદ્ધિઓ અને ભવિષ્યલક્ષી યોજનાઓ શું છે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમે મંત્રીઓને કહ્યું કે, મંત્રીઓ તેમના મંત્રાલયની ઉપલબ્ધિઓ અને ભવિષ્યની લોકો-કેન્દ્રિત યોજનાઓની યાદી ભાષણમાં સામેલ કરી શકે છે.

તમામ મંત્રીઓને આ યાદી ૩-૪ ઓગસ્ટ સુધીમાં સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયનની ઓફિસમાં મોકલવા માટે કહેવામાં આવ્યું છે જેથી કરીને તેઓ તમામ મંત્રાલયોના ફીડબેક એકત્ર કરીને પીએમઓને મોકલી શકે.

જાણકારોના મતે લાલ કિલ્લા પરથી પોતાના સંબોધનમાં પીએમ મોદી આગામી ૨૫ વર્ષનો એજન્ડા દેશની જનતાની સામે મૂકી શકે છે. જેમાં સામાજિક, આર્થિક, કાનૂની અને રાજકીય રોડમેપ સામેલ હશે. આ સિવાય તે મણિપુરમાં શાંતિ માટે અપીલ કરી શકે છે અને પૂર્વોત્તર ભારત માટે મોટી જાહેરાતો પણ કરી શકે છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા અભિયાન વિશે લોકોને માહિતગાર કરી શકે છે. સીઆરપીસી, આઈપીસી અને એવિડન્સ એકટમાં સુધારો કરવા સંસદમાંરજૂ કરાયેલા બિલો સહિત આગામી ૨૫ વર્ષોમાં ગુલામીના પ્રતીકોથી છુટકારો મેળવવાનો એજન્ડા રજૂ કરી શકે છે.

આંતરરાષ્ટ્રીય સરહદ પર વિકાસ કાર્યોની ઝડપ અને પૂર્વોત્તર ભારત સહિત અન્ય સરહદી રાજ્યોમાં તૈયાર થઈ રહેલા માળખાકીય સુવિધાઓ વિશે માહિતી આપી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં ત્રિરંગો ફરકાવવો અને બદલાતા વાતાવરણનો ઉલ્લેખ કરીને પાકિસ્તાન પર ભારતનું વલણ પણ વ્યકત કરી શકાય છે. ઈશારામાં ચીનને સંદેશ પણ આપી શકે છે.

## ચંદ્રયાન-૩ હવે ચંદ્રની વધુ નજીક પહોંચ્યું આજે ફાઈનલ ઓરબીટમાં પહોંચી જશે

નવી દિલ્હી તા. ૧૪

ઈસરો આજે એટલે કે ૧૪મી ઓગસ્ટે ત્રીજી વખત ચંદ્રયાન-૩ની ઓર્બિટ ઘટાડશે. અત્યારે તે ચંદ્રની ૧૭૪ કિમી x ૧૪૩૭ કિમીની ઓર્બિટમાં છે. એટલે કે ચંદ્રયાન-૩ એવી લંબગોળ ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું છે, જેમાં ચંદ્રથી તેનું લઘુત્તમ અંતર ૧૭૪કિમીઅને મહત્તમ અંતર ૧૪૩૭ કિમી છે. આ પહેલા ૯ ઓગસ્ટે ચંદ્રયાનની ઓર્બિટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

૬ ઓગસ્ટના રોજ લગભગ ૧૧ વાગ્યે ચંદ્રયાનની ભ્રમણકક્ષા પ્રથમ વખત ઘટાડવામાં આવી હતી. પછી તે ચંદ્રની ૧૭૦ કિમી x ૪૩૧૩ કિમીની ઓર્બિટમાં આવ્યું. ઓર્બિટ ઘટાડવા માટે, ચંદ્રયાનના એન્જિનને થોડા સમય માટે ચાલુ કરવામાં આવ્યું હતું. જોકે, ઈસરોએ એ માહિતી શેર કરી નથી કે કેટલા સમય સુધી એન્જિન ચાલુ રહ્યું હતું.

૨૨ દિવસની યાત્રા પછી, ચંદ્રયાન ૫ ઓગસ્ટના રોજ સાંજે ૭.૧૫ વાગ્યે ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યું. પછી યાનને ચંદ્રના ગ્રેવિટીમાં કેપ્ચર કરી શકાય, જેથી તેની ગતિ ઓછી કરાઈ હતી. સ્પીડ ઓછી કરવા માટે ઈસરોના વૈજ્ઞાનિકોએ યાનના ફેસને પલટાવીને અને ૧૮૩૫ સેકન્ડ એટલે કે લગભગ અડધા કલાક સુધીથ્રસ્ટર્સને ફાયર કર્યું. આ ફાયર સાંજે ૭.૧૨ વાગ્યે શરૂ થયું હતું.

## આવતીકાલે એલઓસી પર ભારત - ચીન વચ્ચે ૧૯માં રાઉન્ડની વાતચીત

નવી દિલ્હી તા. ૧૪

ભારત અને ચીન વચ્ચે કમાન્ડર લેવલની ૧૯મા રાઉન્ડની વાતચીત આવતીકાલે યોજાશે. આ દરમિયાન લદ્દાખ સાથેની પૂર્વ સરહદ પરના તણાવને સમાપ્ત કરવાની દિશામાં બંને દેશોના સૈન્ય અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે.

આ પહેલા બંને દેશો વચ્ચે કમાન્ડર લેવલની વાતચીતના ૧૮ રાઉન્ડ થઈ ચૂક્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ ચુશુલ-મોલ્ડો વિસ્તારમાં ભારતીય પક્ષે ૧૯મા રાઉન્ડની વાતચીત થવાની સંભાવના છે. ઉચ્ચ-સ્તરની સૈન્ય વાટાઘાટોના આગામી ક્રમમાં, ભારત પૂર્વી લદ્દાખના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાંથી સૈનિકોને છૂટા કરવાનો આગ્રહ કરી શકે છે. બંને દેશો વચ્ચે વાતચીત એવા સમયે થઈ રહી છે જ્યારે વર્તમાનમાં LAC પર ચીનની સૈન્ય ગતિવિધિઓ વધી છે.

## થાણેની ગવર્મેન્ટ હોસ્પીટલમાં ૨૪ કલાકમાં ૧૮ દર્દીનાં મોતથી હાહાકાર : તપાસનાં આદેશ

મુંબઈ તા. ૧૪

મહારાષ્ટ્રના થાણે સ્થિત સરકારી હોસ્પિટલ છત્રપતિ શિવાજી મહારાજ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ દર્દીઓના મોત થતા ભારે ચકચાર મચી જવા પામી છે. સિવિલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ૧૦ મહિલાઓ અને ૮ પુરુષોના મોત થયા છે. મૃતકોમાં ૬ થાણે શહેરના, ૪ કલ્યાણના, ૩ સાહાપુરના અને એક-એક ભિવંડી, ઉલ્હાસનગર અને ગોવંડી (મુંબઈમાં)ના છે. જ્યારે એક મૃતકની ઓળખ થઈ શકી નથી. મૃત્યુ પામેલા ૧૨ લોકોની ઉંમર ૫૦ વર્ષથી વધુ હતી. અભિજીત બાંગરે કહ્યું કે મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ મામલાની તપાસના આદેશ આપ્યા છે. તેમણે સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે. આરોગ્ય સેવા કમિશનર આ સમિતિનું નેતૃત્વ કરી રહ્યા છે. એકસાથે આટલા બધા મોત શા માટે થયા તેની તપાસ કરવામાં આવી રહી છે. મૃત્યુ પામેલા દર્દીઓ અનેક ગંભીર બીમારીઓથી પીડાતા હતા. તંત્ર દ્વારા દાવો કરાઈ રહ્યો છે કે તેમાં કિડનીની પથરી, ક્રોનિક પેરાલિસિસ, અલ્સર, ન્યુમોનિયા અને સેપ્ટિસેમિયા જેવી બીમારીઓથી પીડિત હતા. કેરોસીન પીનાર દર્દીનું પણ મોત થયું છે. દર્દીઓના સંબંધીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે. કેટલાક સંબંધીઓએ બેદરકારીનો આક્ષેપ કર્યો છે. કમિટી દ્વારા આ એંગલની પણ તપાસ કરવામાં આવશે.

## કાશ્મીરમાં દાલ સરોવર સહિત ૨૦ જીલ્લામાં ઘર ઘર તીરંગા યાત્રા યોજાઈ

શ્રીનગર તા. ૧૪

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૭ માં સ્વતંત્રતા દિવસ પુર્વે દેશભરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી કયાંક બાઈક યાત્રા તો કયાંક બોટ યાત્રા યોજવામાં આવી હતી. આતંકમાંથી બહાર આવી રહેલા કાશ્મીરમાં પણ દેશદાઝ જોવા મળી હતી. જળથી માંડીને જમીન સુધી સર્વત્ર જુદા જુદા પ્રકારે યોજાયેલી તિરંગા યાત્રામાં હજારો લોકોએ શામેલ થઈને દેશપ્રેમનો પરિચય આપ્યો હતો. કાશ્મીરનાં પાટનગર શ્રીનગરની વિખ્યાત ‘ડાલ લેક’માં પણ વિશાળ ત્રિરંગા યાત્રા યોજાઈ હતી. લોકો પણ શાંતી ઝંખતા હોય તેમ ૨૦ જીલ્લામાં હિંમતભેર તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.

## ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનો વિશ્વમાં ત્રીજો નંબર


નવી દિલ્હી તા.૧૪ : આઝાદી બાદ દેશે દરેક ક્ષેત્રની જેમ શિક્ષણમાં પણ ઝડપથી પ્રગતિ કરી છે. ભારતીય ઉચ્ચ શિક્ષણ પ્રણાલી વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી શિક્ષણ પ્રણાલી બની છે, હવે ગુણવતાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો પડકાર છે. આજે સાક્ષરતાદર માત્ર ૬૭.૭ટકા નથી થયો બલ્કે અનેક મામલામાં બીજા દેશો કરતા પણ આપણે આગળ નીકળી ગયા છીએ. જેનું સૌથી મોટું ઉદાહરણ આપણા એન્જીનીયરો છે. દર વર્ષે તૈયાર થતા એન્જીનીયરોના મામલામાં ભારતે દુનિયાના સૌથી વધુ સમૃદ્ધ દેશ ચીન અને સૌથી વધુ વસ્તી ધરાવતા ચીનને પણ પાછળ રાખી દીધા છે.

## ગુરૂગ્રામ પાસે મુકેશ અંબાણી દ્વારા સ્માર્ટ સિટીનું નિર્માણ

નવી દિલ્હી તા. ૧૪ : એશિયાના સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી દિલ્હી-એનસીઆર પાસે વર્લ્ડ કલાસ સિટી બનાવી રહ્યા છે. MET સિટી નામનો આ પ્રોજેકટ હરિયાણાના નવા આર્થિક હબ તરીકે ઝડપથી ઉભરી રહ્યો છે. મુકેશ અંબાણીની સ્માર્ટ સિટી ઉત્તર ભારતમાં સૌથી ઝડપથી વિકસતું સ્માર્ટ સિટી છે.

મુકેશ અંબાણીની RIL સબસિડિયરી દ્વારા બનાવવામાં આવી રહેલ સ્માર્ટ સિટી સાત દેશોની ૪૫૦ કંપનીઓને આકર્ષી ચૂકી છે. આ શહેર ૮,૦૦૦ એકરમાં ફેલાયેલું હશે અને તેનું નિર્માણ મોડલ ઈકોનોમિક ટાઉનશિપ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.


પરેશભાઈ
મો.૮૨૦૦૯ ૧૩૩૦૦
**રાધેશ્યામ પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ**
: ઉત્પાદક :
કોરૂગેટેડ બોક્ષ એન્ડ સીટસ / રોલ
સહયોગી પેઢી
**યમુનાજી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ**
પ્લોટ નં. ૧૪/૧૫, બામણગામ, ભેસાણ રોડ, જૂનાગઢ


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....
**કિરણ સર્જીકલ હોસ્પિટલ**
જનરલ સર્જરી, લેપ્રોસ્કોપી અને એન્ડોસ્કોપી સેન્ટર
**ડો. અમિત વી. ભુવા**
M.S. (જનરલ)

**અનુભવ**
● ભૂતપુર્વ સર્જન સિવિલ હોસ્પિટલ - અમદાવાદ (૩ વર્ષ)
● કન્સઈટન્ટ સર્જન સિવિલ હોસ્પિટલ - જૂનાગઢ (૪ વર્ષ)
● ભૂતપૂર્વ કન્સલટન્ટ સર્જન એન્ડ એન્ડોસ્કોપી (૬ વર્ષ)
ત્રિમૂર્તિ હોસ્પિટલ - જૂનાગઢ
ત્રીજો માળ, દ્વારીકા પ્લાઝા-૨, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
: નામ નોંધાવવા માટે સંપર્ક :
૯૯૭૪૨ ૨૦૧૪૦

**મકાન વેચવાનું છે**
જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

એક વખત સ્કૂલની મુલાકાત અવશ્ય લેવી
Shreenathji Education & Cheritable Trust
**JAVIYA**
SCHOOLING SYSTEM
ADMISSION OPEN
for, year 2023-24
For Play House, JR.KG, SR.KG
Std. 1 to 10 & 11 - 12 (SCIENCE)
English Medium/ Gujarati Medium
Shreenathji Park, Dhandhusar Road, Zanzarda - Junagadh.
Cont. +91 93774 44493
93277 28495

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબુદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૩૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢમાં ભારતીય જનતા પાર્ટી જીલ્લા પંચાયતનાં છ જીલ્લાનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો






જૂનાગઢ, તા.૧૪

ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીય સંગઠનની સુચનાથી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનાં માર્ગદર્શન હેઠળસૌરાષ્ટ્ર ઝોનનાંજામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તથા દિવ જીલ્લા પંચાયતનાં સદસ્યોનો પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ ગીરીવર ગીરનારની પવિત્ર ભૂમિ, સોળે કળાએ ખીલી ઊઠેલી ગીરી કંદરાઓ અને સાવઝની ડણખ વચ્ચે ભારતી આશ્રમ ભવનાથ તળેટી જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેનાં ઉદ્‌ઘાટન સત્રમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પ્રથમ વર્ગના વક્તા પ્રદિપભાઈ ખીમાણી, જૂનાગઢ મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા જીલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, સાવજ દુધ ડેરીનાં ચેરમેન દિનેશભાઈ ખટારીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ બે દિવસ ચાલનારા આ પ્રશિક્ષણ વર્ગમાં અલગ અલગ વિષયોનાં વર્ગો લેવામાં આવશે જેમાં (૧) પાર્ટી ઈતિહાસ, વિચારધારા, પંચનિષ્ઠા, (૨) લોકસભા ચૂંટણીમાં મારૂ યોગદાન, (૩) કેન્દ્ર રાજય સરકારની ગરીબ કલ્યાણ યોજનાનાં લાભ અને તેની અસર, (૪) જનપ્રતિનિધિનો વ્યવહાર, સંપર્ક, કાર્યાલય પક્ષની ગતિવિધિ અને સંગઠન સાથે સમન્વય, (૫) મોદી સરકારની ગ્રામીણ કૃષિ શિક્ષણ અને આરોગ્યમાં ઉપલબ્ધિઓ, (૬) સોસીયલ મિડિયા, (૭) પંચાયતી રાજ ભુમિકા, મિટીંગ અને બજેટ, (૮) મોટીવેશનલ પ્રસંગો, સિનિયર લીડરનો વ્યવહાર અને આદર્શ જનપ્રતિનિધિ વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી જેમાં વક્તા તરીકે ક્રમસ પ્રદેશ પ્રશિક્ષણ સંયોજક પ્રદિપભાઈ ખીમાણી, અનુ. જાતિ પ્રદેશ અધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા, કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજકોટ જીલ્લા પ્રભારી ધવલભાઈ દવે, આર્થિક સેલ પ્રદેશ કન્વિનર પ્રેરક શાહ, સોસીયલ મિડિયા પ્રદેશ સહકન્વિનર મનન દાણી, પુર્વ મંત્રી બ્રિજેશ મેરજા તથા પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા વક્તા તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રશિક્ષણ વર્ગનાં વાલી તરીકે ડો.ભરતભાઈ બોઘરા તથા પ્રશિક્ષણ વર્ગ નાં ઈન્ચાર્જ તરીકે પ્રદિપભાઈ ખીમાણી તથા ધનસુખભાઈ ભંડેરી રહ્યા છે. પ્રશિક્ષણ વર્ગનાં સુચારૂ આયોજનરમાં વર્ગના યજમાન તરીકે જૂનાગઢ મહાનગર તથા જીલ્લાનાં કાર્યકરોએ જવાબદારી ઉપાડેલ છે જેમાં મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા, જીલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, સાવઝ દુધ ડેરીનાં ચેરમેન દિનેશભાઈ ખટારીયા, મહાનગર મહામંત્રી ભરતભાઈ શીંગાળા, જીલ્લા મહામંત્રી જયભાઈ ત્રિવેદીની દેખરેખ હેઠળ એક મજબૂત ટીમ સાથે વ્યવસ્થાઓ કરવામાં આવી છે જેમાં મિડીયા સંકલન સંજય પંડ્યા, રિતેશ ટીમલીયા, રજીસ્ટ્રેશન અક્ષિત મહેતા, યોગેશ જેઠવા, આદ્યશક્તીબેન મજમુદાર, કનકબેન વ્યાસ, જયોતિબેન વાડોલીયા, ભાવનાબેન વ્યાસ, શીતલબેન તન્ના તથા ભરતભાઈ બાલસ તથા ગીતાબેન મહેતાએ સંભાળી હતી નિવાસ વ્યવસ્થા ચંદુભાઈ મકવાણા દિનેશ મહિતર ગીતાબેન માલમ મમતાબેન રાવલે સંભાળી હતી, ભોજન તથા નાસ્તાની વ્યવસ્થા નારણભાઈ ભેટારીયા જયેશ ગુંદાણીયા, મનસુખ રાઠોડ, અનુભાઈ ગુજરાતી, અરવિંદ દિવરાણીયા, ઘનશ્યામ કોટડીયા, વિરેન્દ્ર સાવલીયા, વરજાગ કરમટાએ સંભાળી છે સ્ટેજ વ્યવસ્થા ડો. જય ત્રિવેદી તથા જોલીત બુસાએ સંભાળી છે. પ્રદર્શની વ્યવસ્થા દીપક ડોબરીયા તથા નરેન્દ્ર કોટીલા એ સંભાળી છે. કાર્યાલય અને સ્વાગત વ્યવસ્થા વી. ડી. કરડાણી તથા ભરત ચારીયા એ સંભાળી છે. સાહિત્ય સુશોભન ની વ્યવસ્થા મનન અભાણી વિનસ હદવાણી અભય રીબડીયા તથા પરાગ રાઠોડે સંભાળી છે. વકતાઓનું સંકલન હિરેનભાઈ સોલંકી તથા ભરતભાઈવડાલીયાએ સંભાળી હતી. સ્વાગત તિલકની વ્યવસ્થા શિલ્પાબેન જોષી, સુનિતાબેન સેવક, કૈલાશબેન વેગડા, યોગેશ્વરીબા જાડેજા તથા મનિષાબેન વૈષ્ણણીએ સંભાળી હતી તથા પ્રાંતઃસત્ર યોગ પ્રાર્થનાની વ્યવસ્થા મહેશ ભારાઈ તથા દિનેશ મારડીયાએ સંભાળી હતી.

# જૂનાગઢના સામાજિક કાર્યકર અને આસિસ્ટન્ટ પ્રોફેસર પીએચ.ડી.થયા



જૂનાગઢ, તા.૧૪

શ્રી જે.કે.એમ.કોમર્સ, બી.બી.એ.,બી.સી.એ.અને એમ. કોમ. કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર અજયકુમાર સી.ટીટાએ ડો.સુરેશભાઈ જે. ભોયેના માર્ગદર્શન હેઠળ "સૌરાષ્ટ્ર વિસ્તારના નાના રોકાણકારોનો મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ બાબતે દ્રષ્ટિકોણનો અભ્યાસ" એ વિષય ઉપર મહાશોધ નિબંધ રજૂ કરતા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ તેમને પીએચ.ડી.ની પદવીથી નવાજયા છે. અજય ટીટા છેલ્લા ૧૬ વર્ષથી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. સાથો-સાથ અનેક શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં જુદા જુદા વિષયો ઉપર મોટીવેશનલ સેમિનાર પણ લે છે. બોર્ડની પરીક્ષા સમયે પણ વધુ સારા માર્ક્સ કેમ મેળવવા તે વિષય ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે, રોકાણકારોને ફાઈનાન્સ એડવાઈઝર તરીકે પણ સેવા આપે છે. સમાજમાં જુદા જુદા સામાજિક કાર્યો પણ કરે છે. પીએચ.ડી.ની સિદ્ધિ માટે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.ચેતનભાઈ ત્રિવેદી, જે.કે.એમ.ટ્રસ્ટના પ્રમુખ ડો.ડી.જી.મોદી, સેક્રેટરી સુરેશભાઈ વેકરીયા તથા નવિનભાઈ ભાદ્રેશા, ડો. રાજકુમાર, ડો.વિશાલભાઈ જોશી, જીત મંધાણી, નિપુલ વિઠલાણી, ગિજુભાઈ ત્રિવેદી અને માર્ગદર્શક ડો.સુરેશભાઈ ભોયે સહિતના મહાનુભાવોએ બિરદાવી હતી.

# ગુજરાતમાં ડાયાલીસીસના દર્દીઓનું ભાવિ હવે જોખમમાં

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪

જયારથી ગુજરાત રાજયમાં **PMJAY** ડાયાલીસીસ યોજના શરૂ થઈ ત્યારથી લાખો દર્દીઓ તેના લાભ હેઠળ પ્રાઈવેટ હોસ્પીટલોમાં ફ્રી ડાયાલીસીસ સારવાર સારી ગુણવત્તા સાથે લઈ રહ્યા છે. ગજરાત રાજયમાં એક વર્ષમાં ૧.૩ કરોડ **PMJAY** ડાયાલીસીસ સારવાર થાય છે. જેમાંથી ૧.૦૨ કરોડ (૭૮ ટકા) **PMJAY** ડાયાલીસીસ પ્રાઈવેટ હોસ્પીટલો દ્વારા કરવામાં આવે છે. ગુજરાતની સરકારે **PM JAY** યોજના અંતર્ગત ચાલતા ડાયાલીસીસ માટે મળતી રકમ અચાનક જ ૨૦૦૦માંથી ૧૬૫૦ કરી નાંખી છે. તેઓએ છેલ્લા ૮ વર્ષમાં દરમાં વધારો કર્યો નથી પરંતુ તેનાથી વિપરત ૧૭ ટકા ઘટાડો થયો છે. ગુજરાતમાં મોટા ભાગના ડાયાલીસીસના દર્દીઓ **PMJAY** યોજના અંતર્ગત જ ડાયાલીસીસ કરાવે છે. આ યોજના હેઠળ ચાલતા પ્રાઈવેટ સેન્ટરમાં ડાયાલીસીસની સાથે સાથે દવાઓ અને ઈન્જેકશનો, લેબ રીપોર્ટસ, સેન્ટ્રલ એસીની સુવિધા, ખાવાપીવાની સુવિધા, આવજવાના ૩૦૦ રૂપિયા અને કિડનીના નિષ્ણાંત દ્વારા તપાસ આ બુધજ મફત આપવામાં આવે છે. **PMJAY** યોજનામાં માત્ર ગુજરાત રાજયમાં જ ડાયાલીસીસ ફિલ્ટર સિંગલ ટાઈમ યુઝ કરવાનો નિયમ છે જેનાથી હોસ્પીટલનો ડાયાલીસીસાની કોસ્ટ બીજા કરતા માસિક ૪ થી ૫ હજાર જેટલી વધી જાય છે અને તેનાથી બાયોમેડિકલ વેસ્ટ પણ ૧૦ ગણો વધી જાય છે. (મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ઈન્ડીયાની ડાયાલીસીસ ગાઈડલાઈન પણ ડાયાલીસીસ ફિલ્ટર રિયુઝ કરવાનું રિકાઈન્ડ કર છે.)

**Indian Society of Nephrology** તથા **Indian Society of Hemodialysis** એ પણ આ બાબત માટે સમર્થન આપે છે.

આ ભાવમાં હવે પ્રાઈવેટમાં ૧ કરોડ જેટલા ડાયાલીસીસ મફત કરતા સેન્ટરોન હવે ડાયાલીસીસ યોજના બંધ કરવા સિવાય હવે કોઈ છુટકો જ નથી.

આના વિરોધમાં ગુજરાત નેફ્રોલોજી એસોસીએશન અને હોસ્પીટલ રીપ્રેઝન્ટેટિવ દ્વારા હેલ્થ મિનિસ્ટર રિષિકેશભાઈ પટેલ તેમજ **PMJAY** ના અધિકારીઓનો રજુઆત કરવામાં આવી હતી. હેલ્થ મિનિસ્ટર તારીકે નિવારણ કરવાનં આશ્વાસન આપેલું. વારંવાર **PMJAY** અધિકારીઓને રજૂઆત કરવા છતાં કોઈ જ ફેરફાર કરવામાં આવેલ નથી. અક મહિના જેટલો સમય વીતી જવા છતાં કોઈ સોલ્યુશન ના આવતા ગુજરાત નેફ્રોલોજી એસોસીએશન દ્વારા આજ તા.૧૪ ઓગષ્ટથી તા.૧૬ ઓગષ્ટ સધી સામગ્ર ગુજરાત રાજયમાં **PMJAY** ડાયાલીસીસ બંધ કરવા જાહેરાત કરવામાં અવાી છે. ડાયાલીસીસ દર્દી પણ સરકારના ડિસિઝનથી નારાજ છે. **IMA** દ્વારા પણ આ બાબતમાં અમને સમર્થન મળેલ છે તેમજ **IMA** દ્વારા સીમનેપણ રજૂઆત કરવામાં આવેલ છે.

રાજસ્થાન, છતીસગઢ તથા અન્ય રાજયોમાં **PMJAY** ડાયાલીસીસના દર ૨૧૦૦ છે. ગુજરાત નેફ્રોલોજી **PMJAY** માટેની **NHA (NATIONAL HEALTH AUTHORITY)** ગાઈડલાઈનમાં પણ ડાયાલીસીસ ચાર્જ ૨૨૦૦ (૧૫૦૦ + ૭૦૦ .... ઈન્જેકશના)ની જોગવાઈ છે જેમાં **TransportAllowance** પણ નથી અપાતું આને ડાયલાઈઝર (ફિલ્ટર) પણ રિયુઝ કરવામાં આવે છે તો ગુજરાત રાજયમાં જ આવી અસામાનતા કેમ? **PMJAY**માં ડાયાલીસીસઅ લાઈફસેવિંગ સારવાર હોવા છતાં માત્ર ડાયાલીસીસ સારવારના જ દર ઘટાડવામાં આવ્યા છે. જોઈન્ટ રિપ્લેસમેન્ટ તથા અન્ય સર્જરીના દર ૧૦ હજારથી ૫૦ હજાર સુધી વધારવામાં આવ્યા.

ગુજરાત નેફ્રોલોજી એસોસીએશનની માંગણી

**NHA** (નેશનાલ હેલ્થ ઓથોરીટી)ની ગાઈડલાઈન મુજબ તેમજ અન્ય રાજયોની જેમ ડાયાલીસીસ પેકેજ ૨૫૦૦ (૧૫૦૦+૭૦૦ **for EPO INJECTION as per NHA Guideline + 300 Transport Allowance to Patient**) કરવામાં આવે તેમજ **NHA** અને મિનિસ્ટ્રી ઓફ હેલ્થ સેન્ટર ફેમિલી વેલ્ફેરની ગાઈડલાઈન મુજબ ડાયાલીસીસ ફિલ્ટર રિયુઝ કરવાની છુટ આપવામાં આવે. ગુજરાત નેફ્રોલોજી એસોસીએશન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ તથા પ્રધાનમંત્રી નારેન્દ્રભાઈ મોદી આમાં હસ્તક્ષેપ કરી તાકીદે નિવારણ લાવે તેવી વિનાંતી કરવામાં આવી છે.

# દ્વારકામાં મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત ભવ્ય કાર્યક્રમોની થયેલ ઉજવણી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૪

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત આજે યાત્રાધામ દ્વારકામાં દ્વારકા ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ બુજડના હસ્તે ધ્વજવંદન બાદ જિલ્લાના એ.એસ.પી. રાઘવ જૈનના હસ્તે સ્વતંત્ર સેનાઓના પરિવાર જનોનું સન્માન કરવામાં આવ્યું હતું.



# સોમનાથ પોસ્ટ ઓફીસ રાષ્ટ્ર ત્રિરંગા અભિયાનમાં સહયોગી



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૪

સમગ્ર રાષ્ટ્ર રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગષ્ટ અનુસંધાને તા.૧૩, ૧૪, ૧૫ ઓગષ્ટ ત્રિરંગા યાત્રા અને ઘેર ઘેર રાષ્ટ્રધ્વજ લહેરાવવા ઉત્સાહી છે ત્યારે સોમનાથ-પ્રભાસ પાટણની સબપોસ્ટ ઓફીસે રાષ્ટ્રીય ત્રિરંગાનું લોકોની જરૂરીયાત માટે પ્રારંભ થયો છે. જેમાં એક રાષ્ટ્રધ્વજનું મુલ્ય રૂપિયા પચીસ રહેશે અને રવિવારે પણ પોસ્ટ ઓફીસ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરશે એટલું જ નહીં પ્રભાસ પોસ્ટ ઓફીસ હસ્તકની ગ્રામ્ય વિસ્તારની ૫૦ બ્રાન્ચ ઓફીસે પણ પુરતો જથ્થો મોકલાયો છે જેથી ગ્રામ્યજનો પણ તેના ગામની પોસ્ટ ઓફીસથી રાષ્ટ્રધ્વજ મેળવી શકશે.

# રાષ્ટ્ર ધ્વજની ગરિમા હવે કોણ જાળવે છે ?

દરેક રાષ્ટ્ર કે દેશને પોતાનો રાષ્ટ્ર ધ્વજ હોય છે અને દરેક દેશવાસીઓને, પોતાના રાષ્ટ્ર ધ્વજ પ્રત્યે માન, સન્માન, ઈજ્જત અને ગૌરવ હોવું જ જોઈએ.રાષ્ટ્ર ધ્વજ એ દેશની સ્વતંત્રતાની ઓળખ અને નિશાની છે. આપણાં ભારત દેશને પણ કેટલાંય સંઘર્ષ, તકલીફ, યાતના અને સેંકડો કુરબાનીઓ દીધાં પછીથી જ આઝાદીના ફળ ચાખવા મળ્યા છે.

આપણાં ભારત દેશને સને ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ અંગ્રેજ હકૂમત અને ગુલામીમાંથી મુક્તિ મળી હતી. તે વખતની કોંગ્રેસ સરકારે આપણો દેશ આઝાદ અને સ્વતંત્ર થયો એવી ઘોષણા કરી અને દિલ્હીના લાલ કિલ્લા પરથી સૌ પ્રથમ વખત શ્રી જવાહરલાલ નહેરુએ તિરંગો ઝંડો ફરકાવ્યો. ત્યાર પછી ૧૯૫૦ની તાઃ ૨૬મી જાન્યુઆરીના રોજ આપણું બંધારણ અમલમાં આવ્યું એના માનાર્થે પણ રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવે છે. ૧૫મી ઓગસ્ટના રોજ દેશના વડાપ્રધાન રાષ્ટ્ર ધ્વજ ફરકાવે છે તો ,૨૬મી જાન્યુઆરીના દિવસે આપણાં રાષ્ટ્રપતિ તિરંગો ઝંડો ફરકાવે છે અને રાષ્ટ્ર ધ્વજને સલામી આપે છે અને લશ્કરી કવાયત કે પરેડનું નિરિક્ષણ કરે છે. આ પરંપરા ત્યારથીજ અમલમાં આવી છે અને દર વર્ષે લાલ કિલ્લા પરથી ધ્વજારોહણ કરવામાં આવે છે. પરંતુ આજનાં બની બેઠેલાં દરેક રાજયનાં નેતાઓ, ધારાસભ્યો કે સંસદ સભ્યોને રાષ્ટ્ર ધ્વજ શું છે, એ વિશેની કોઈ જાણકારી કે ગતાગમ હોતાં નથી કે રાષ્ટ્ર ધ્વજને કેવી રીતે સલામી આપવી એ બાબતની ઝાઝી ખબર હોતી નથી, એ લોકો માત્ર એક પ્રોટોકોલ નિભાવવા જ આવે છે.

રાષ્ટ્ર ધ્વજ એ આપણા દેશના સ્વાભિમાન, ગૌરવ અને શાનનું પ્રતીક છે.હવે તો રાષ્ટ્ર ધ્વજની જાણે કોઈ મર્યાદા, કિંમત અને ગૌરવ ના હોય એ રીતે દેશનેતાઓ તથા આમ જનતા વર્તી રહી છે. હવે તો બજારમાં પણ પ્લાસ્ટિકના રૂપિયા પાંચ તથા રૂપિયા ૧૦ માં ધ્વજ વંદનના અઠવાડિયા પહેલાં ઝંડાઓ છૂટથી અને બેરોકટોક જાહેરમાં વેચાય છે અને પુલિસ મૂક પ્રેક્ષક બનીને તમાશો જુએ છે.જાહેરમાં વેચાતા ઝંડા કે ધ્વજની માન મર્યાદા અને ગરિમા જાળવવાને બદલે લોકો પોતાના બાઈક અને કારમાં ઝંડો લગાડે છે, આવા ધ્વજ લોકોના પગ તળે કચરાય છે અને થોડા દિવસ પછી કચરા પેટીમાં પડેલા જોવા મળે છે.આ જોઈને એવું લાગે છે કે, આઝાદી કાજે જે મહાનુભાવો તથા તે વખતના રાજકીય નેતાઓએ અને સપૂતોએ પોતાના પ્રાણની આહુતિ આપી, એ એળે ગઈ હોય એવું લાગે છે. આવા વ્યક્તિઓને સ્વતંત્રતાની અને રાષ્ટ્ર ધ્વજની કોઈ લાગણી, કિંમત કે ગરિમાની પડી હોતી નથી. હવે તો આપણાં નેતાઓ, અને પ્રજાજનો પંદરમી ઓગસ્ટ તથા છવ્વીસમી જાન્યુઆરી એ રાષ્ટ્રીય પર્વની ઉજવણી ના બદલે રજાના કે આરામના દિવસ તરીકે ગણી મોજ મસ્તી કરે છે. ભારતનાં તમામ નાગરિકોએ આઝાદીનો ઈતિહાસ વાંચીને સમજી લેવો જોઈએ અને નક્કી કરવું જોઈએ કે રાષ્ટ્ર ધ્વજ એ કોઈ રમકડું નથી કે થોડીવાર રમીને ફેંકી દેવાય. રાષ્ટ્ર ધ્વજ એ આપણી સંસ્કૃતિનું પ્રતીક છે અને રાષ્ટ્ર ધ્વજની ગરિમા જાળવવી એ આપણાં સૌની નૈતિક ફરજ છે.

- યોગેશ આર જોશી (હાલોલ,જી.પંચમહાલ)



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ગેરકાયદેસર નિર્માણ કરનારાની સાથે જ જવાબદારો સામે પગલાની જરૂર

હરિયાણાના નૂંહમાં હિંદુ સંગઠનોની જલાભિષેક યાત્રા પર હુમલો કરનારા તોફાનીઓ અનેતેમના ઠેકાણાં બનેલા ભવનોને ધ્વસ્ત કરવાની કાર્યવાહીનું સ્વતઃ સંજ્ઞાન લેતાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે જે રીતે રોક લગાવી, તેનાથી ઉપદ્રવી તત્ત્વોને એવો કોઈ સંદેશ ન જવો જોઈએ કે તેમને પોતાનાં કરતૂતોની સજા નહીં મળે. હાઈકોર્ટે આ રોક સંભવતઃ એટલા માટે લગાવી, કારણ કે હજુ પોલીસે પોતાની તપાસ પૂરી નથી કરી અને એ સાબિત નથી કરી શકી કે જે લોકોના ઘર અથવા દુકાનો તોડાઈ રહી છે, તેઓ વાસ્તવમાં રમખાણોમાં સામેલ હતા. એ સંભવ છે કે હાઈકોર્ટે એવો અનુભવ કર્યો હોય કે પૂરતી તપાસ વિના મોટા પાયે બુલડોઝરની કાર્યવાહી યોગ્ય નથી અને તેથી તેના દ્વારા એ ટિપ્પણી કરવામાં આવી કે નૂંહમાં એક વર્ગ વિશેષને નિશાનો બનાવવામાં આવી રહ્યો છે. જોકે એ સારું થાત કે હાઈકોર્ટે આ ભીષણ સાંપ્રદાયિક હિંસાની પણ સ્વતઃ નોંધ લીધી હોત. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે તોફાનીઓનાં ઠેકાણાં ધ્વસ્ત કરવાની કાર્યવાહી પર ન્યાયાલય પોતાનો શો ચુકાદો આપશે, પરંતુ એનો ઈનકાર ન કરી શકાય કે સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત ફેલાવવામાં આવેલી આ હિંસામાં સામેલ ઉન્માદી તત્ત્વોને સમય રહેતાં સખત સજા આપવાની જરૂર છે. એના પર પણ વિચાર થવો જોઈએ કે શું તોફાનીઓ, અપરાધીઓ અને માફિયા તત્ત્વોનાં ઘરોને બુલડોઝરથી તોડી પાડીને કાયદાસંમત રીતે ત્વરિત ન્યાય કરી શકાય? એમાં શંકા નહીં કે જ્યારે એવાં તત્ત્વોનાં ઘર અથવા તેમની અન્ય સંપત્તિ પર બુલડોઝર ચાલે છે તો આમ જનતાને સંતુષ્ટિ મળે છે. આ સંતુષ્ટિનું કારણ એ છે કે પ્રચલિત કાયદાકીય રીતભાતોથી અપરાધીઓ અને માફિયા તત્ત્વોને વહેલી તકે સજા અપાવી શકવું કઠિન કાર્ય થઈ ગયું છે. આ જ કારણ છે કે દેશના કેટલાય હિસ્સામાં અપરાધી અને માફિયા તત્ત્વોની સંપત્તિઓ પર બુલડોઝર ચાલવા લાગ્યાં છે.

એનો પણ ઈનકાર ન કરી શકાય કે જ્યારે કોઈ અપરાધી તત્ત્વનું ઘર, દુકાન અથવા અન્ય કોઈ ભવન તોડી પાડવામાં આવે છે તો તેની સાથે સાથે અન્ય લોકો પણ પ્રભાવિત થાય છે. તેમાં એવા પણ હોય છે જેમની કોઈપણ અપરાધમાં સંડોવણી નથી હોતી. સામાન્ય રીતે અપરાધીઓનાં ઠેકાણાં ધ્વસ્ત કરતી વખતે એ તર્ક આપવામાં આવે છે કે તેણે ગેરકાયદે બાંધકામ કર્યું હતું, પરંતુ આપણા દેશમાં તો આ પ્રકારનું કામ ઘણા બધા લોકો પણ કરે છે જેને અપરાધ સાથે કોઈ લેવાદેવા નથી હોતી. હાઈકોર્ટે આ મામલે આગળની કાર્યવાહી એ રીતે કરવી જોઈએ જેનાથી તોફાનીઓના દુસ્સાહસનું દમન કરવામાં ના તો કોઈ અડચણ પેદા થાય અને ના મોડું થાય. જ્યાં સુધી ગેરકાયદે નિર્માણ અથવા અતિક્રમણની વાત છે તો તે આખા દેશની સમસ્યા છે. માપદંડોથી વિપરીત નિર્માણ અને દબાણ જ્યારે થઈ રહ્યું હોય છે ત્યારે સંબંધિત નગર નિગમોના લોકો કાં તો તેની અવગણના કરે છે કાં તો કંઈક લેવડદેવડ કરીને બધું થવા દે છે. ગેરકાયદે નિર્માણ અને દબાણ માટે નગર નિગમ જેવી સંસ્થાઓ દોષીત છે. યોગ્ય એ રહેશે કે ગેરકાયદે નિર્માણ કરનારા લોકો પર કાર્યવાહીની સાથે જ નગર નિગમોના એ અધિકારીઓ અને કર્મચારીઓને પણ દંડિત કરવા જોઈએ જેઓ તેની જાણીજોઈને અવગણના કરવા માટે જવાબદાર છે.

# ક્યાંથી કમાય છે ગૂગલ બાબા? સર્વિસ ફ્રી છતાં અબજોની આવક : દરેક સર્ચ ઉપર કેટલી છાપે છે નોટો


નવી દિલ્હી તા.૧૪

દર મિનિટે લાખો લોકો **Google** પર કંઈક ને કંઈક સર્ચ કરી રહ્યાં છે. અમને બધા જવાબો **Google** પરથી સરળતાથી મળી જાય છે. અહીં આપણને તે બધું મળે છે જે આપણે શોધવા માંગીએ છીએ, તે પણ મફતમાં. શું તમે વિચાર્યું છે કે તમે **Google**ની મોટાભાગની સેવાઓ મફતમાં મેળવો છો, તો પછી કંપની કેવી રીતે કમાય છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટની કમાણી અબજો ડોલરમાં છે. જ્યારે વપરાશકર્તાઓ તેની મોટાભાગની સેવાઓ માટે ચૂકવણી કરતા નથી. તમને જણાવી દઈએ કે ગૂગલ તમારી સર્ચથી દર મિનિટે કમાણી કરે છે. કમાણી પણ એટલી છે કે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. **Google**ની કમાણી સમજવા માટે, તમારે પહેલાં તેના બિઝનેસ મોડલને સમજવું પડશે. કંપની એક કે બે રીતે નહીં પણ અનેક રીતે પૈસા કમાય છે. ગૂગલને સૌથી વધુ આવક એડવર્ટાઈઝીંગ સર્ચ કરીને મળે છે. આવો જાણીએ તેનું સંપૂર્ણ ગણિતપ. તેનું સર્ચ પ્લેટફોર્મ વપરાશકર્તાઓ માટે મફત છે, પરંતુ ઘણી સેવાઓ મફતમાં આપવામાં આવે છે. આ પ્લેટફોર્મ પર દરરોજ કરોડો લોકો ઘણી શોધ કરે છે. કંપની તેમને તેમના શોધ પરિણામોથી સંબંધિત જાહેરાતો બતાવે છે અને પૈસા કમાય છે. આ સિવાય કંપની ક્લાઉડ સર્વિસ, હાર્ડવેર અને પ્રીમિયમ કન્ટેન્ટ દ્વારા પણ પૈસા કમાય છે.

**Google** જાહેરાતમાંથી સૌથી વધુ કમાણી કરે છે. નિધિ સ્ટોક એક્સચેન્જે ડેટા જાહેર કર્યો છે જે મુજબ જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૩ સુધીમાં ગૂગલે ૫.૭૭ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ માત્ર ત્રણ મહિનામાં ગૂગલની આવક છે. એકંદર કમાણીમાં જાહેરાતનો હિસ્સો ૫૭.૮ ટકા છે, જે લગભગ ૩.૩૫ લાખ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત, કંપની ગૂગલ ક્લાઉડ સહિત એડસેન્સથી ૧૦.૭ ટકા કમાણી કરે છે, જે લગભગ ૧૨૬ હજાર કરોડ રૂપિયા છે. ગૂગલ દરેક પસાર થતી મિનિટે સરેરાશ ૨ કરોડ રૂપિયાની કમાણી કરે છે. વર્ષ ૨૦૨૧નો બીજો ક્વાર્ટર કમાણીના મામલામાં ગૂગલ માટે ઘણો સારો રહ્યો છે. ગૂગલે વર્ષ ૨૦૨૧ના બીજા ક્વાર્ટરમાં $૬૧.૯ બિલિયનની કમાણી કરી હતી. ગૂગલની આ કમાણીમાં ગૂગલ સર્ચનો સૌથી વધુ હિસ્સો રહ્યો છે. ગૂગલે સર્ચથી ઈ૩૫.૮ બિલિયન (લગભગ રૂ. ૨,૬૬,૬૯૫ કરોડ)ની કમાણી કરી છે. એટલે કે ગૂગલ તમારી સર્ચથી લગભગ દર મિનિટે લગભગ ૨ કરોડ રૂપિયા કમાઈ રહ્યું છે.

# ધોળે દિવસે જતાં પણ ટાંટિયા ધ્રૂજી એવા છે ભારતના પાંચ હોન્ટેડ પ્લેસ, જાણો ફેમસ હોરર સ્ટોરીઝ



સુંદર મેદાનો, પર્વતો, દરિયા કિનારા અથવા ઐતિહાસિક ઈમારતો જેવા સ્થળો હંમેશા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. પરંતુ જે લોકો ફરવાના શોખીન છે તેઓ હંમેશા નવી જગ્યાઓ શોધતા રહે છે. કદાચ આ જ કારણ છે કે આવા સ્થળો પ્રવાસીઓમાં પણ લોકપ્રિય છે જેઓ તેમની ભૂત-કથાઓ માટે પ્રખ્યાત છે.

જી હાં, દુનિયાભરની જેમ ભારતમાં પણ એવી ઘણી ભૂતિયા જગ્યાઓ છે, જેના વિશે અલગ-અલગ પ્રકારની હોરર સ્ટોરીઝ ફેમસ છે અને આ જ તેમની લોકપ્રિયતાનું કારણ છે. જોકે આ વાતોમાં કેટલું સત્ય છે તે કહી શકાય નહીં. જો કે, આજના વૈજ્ઞાનિક યુગમાં ભૂત-પ્રેત જેવી વસ્તુઓ પર વિશ્વાસ કરી શકાતો નથી, પરંતુ લોકો તેમાં રસ લે છે, તે ઘણું નિશ્ચિત છે. આજે અમે તમને ભારતના આવા જ કેટલાક ભૂતિયા સ્થળો વિશે જણાવી રહ્યા છીએ.

ભાનગઢ કિલ્લો, રાજસ્થાન

રાજસ્થાનનો ભાનગઢ કિલ્લો ખૂબ જ પ્રખ્યાત છે. જો કે અલવર જિલ્લામાં સ્થિત આ કિલ્લો તેની સુંદરતા કે ઈતિહાસ કરતાં વધુ તેની ભૂત કથાઓ માટે પ્રખ્યાત છે. એવું કહેવાય છે કે ઘણી વખત આ કિલ્લાની મુલાકાત લેનારા લોકોએ અહીં બનતી કેટલીક અજીબોગરીબ ઘટનાઓ વિશે જણાવ્યું છે.

શનિવારવાડા કિલ્લો, પુણે

પુણેનો શનિવારવાડા કિલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવતું સ્થળ છે. અહીં મોટી સંખ્યામાં લોકો જાય છે. જોકે કેટલાક લોકો તેને ભૂતિયા પણ માને છે. આ કિલ્લામાં મરાઠા સામ્રાજ્યના દસમા પેશ્વા નારાયણ રાવ ભટ્ટની હત્યા કરવામાં આવી હતી. તેઓ માત્ર ૧૮ વર્ષના હતા. આ ઘટનાએ આ કિલ્લા વિશે વિવિધ ભયાનક વાર્તાઓને જન્મ આપ્યો છે.

ચાર્લવિલે મેન્શન, શિમલા

શિમલાની ચાર્લવિલે મેન્શન તેની ભયાનક વાર્તાઓ માટે પણ પ્રખ્યાત છે. લોકો કહે છે કે વિક્ટર બેલે અને તેની પત્ની આ હવેલીમાં ફરે છે.

બ્રિજ રાજ ભવન પેલેસ, રાજસ્થાન

રાજસ્થાનના કોટાનો બ્રિજ રાજ ભવન પેલેસ લગભગ ૧૮૦ વર્ષ જૂનો છે. હેરિટેજ હોટેલ વર્ષ ૧૯૮૦માં બની હતી. જોકે તેના વિશે એક ભૂતની વાર્તા પ્રસિદ્ધ છે. કહેવાય છે કે હોટલમાં બ્રિટિશ મેજર બર્ટનનું ભૂત રહે છે. એવું કહેવાય છે કે ૧૮૫૭માં ભારતીય સૈનિકોએ તેમની હત્યા કરી હતી.

ગોલકોંડા કિલ્લો, હૈદરાબાદ

કહેવાય છે કે રાણી તારામતીની આત્મા આ કિલ્લામાં રહે છે, જેને તેમના મૃત્યુ બાદ તેમના પતિ સાથે કિલ્લામાં દફનાવવામાં આવી હતી. લોકો કહે છે કે અહીં રાણીના ચાલવાનો અને નાચવાનો અવાજ આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અસત્ય બોલનાર વ્યક્તિથી લોકો
જેમ સાપથી ડરે તેમ ડરે છે.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીરસં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૧૩ શિવરાત્રી તા.૧૪ ઓગષ્ટ ૨૦૨૩, સોમવાર, પારસી તા.ગાથા-૪, મુસ્લિમ તા.૨૬, પુનર્વસુ નક્ષત્ર, સિધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૭, સૂ.અ.૭:૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



## અધિક માસના વ્રતનું ફળ

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. એક ગામમાં એક પતિ-પત્ની અને તેની માતા રહેતા હતા. તેઓ“બધી જ વાતે સુખી સંપન્ન હતા. તેમને ત્યાં બે બાળકો પણ હતા.“એકવાર અચાનક પતિને થયું કે હું સાધુ થઈ જાઉં ! તેણે પોતાની પત્નીને પોતાના મનની વાત કહી“એટલે પત્ની હસવા લાગી અને બોલી કે “તમને વળી આ મજાક સુઝી છે કે શું? તમારી ઉમર વાનપ્રસ્થ જેવી“નથી અને આપણો પણ પરિવાર છે.’’“આમ, વારંવાર પતિ બોલતો રહ્યો. દિવસો વ્યતિત થતા હતા. પતિની વારંવારની આવી વાતો“સાંભળી એકવર પત્નીએ ખીજમાંને ખીજમાં કહી નાખ્યું, “તમારે સાધુ જ થવું છે ને... ? જાવ થઈ જાવ“સાધુ... ’’“પતિને તો બસ અટલું જ જોઈતું હતું. તેણે તો તરત જ ઘર છોડી દીધું. આ વાતની જાણ પત્નીને થઈ“ત્યારે તે વિલાપ કરવા લાગી. તેને વિલાપ કરતાં જોઈ તેની સાસુ પણ ગભરાઈ ગઈ અને પૂછવા લાગી કે,“‘“વહુ બેટા, શું થયું? તું શા માટે વિલાપ કરે છે?’’“‘“શું કહું સાસુમાં... ’’ તમારા પુત્ર મને વારંવાર કહેતા હતા કે, હું સાધુ થઈ જાઉં .... તેથી કંટાળીને“મારાથી બોલી જવાયું કે, તમે સાધુ થઈ જાવ અને બસ... એ સાધુ થવા ચાલ્યા ગયા છે.’’ વહુએ રડતા રડતા“જવાબ આપ્યો ત્યારે તેની સાસુ પણ વિલાપ કરી રડવા લાગી હવે શું કરવું? તેનો કોઈ રસ્તો સુજતો ન હતો.“તેથી બન્નેના મન ખીન્ન રહેવા લાગ્યા.“દિવસો જતાં અધિકમાસ આવ્યો. પવિત્ર પુરૂષોત્તમ માસ શરૂ થતાં સાસુ વહુ સાથે મળી અને નિયમ“મુજબ અધિકમાસનું વ્રત રહેવા લાગ્યા. અધિકમાસ પૂરો થવા આવ્યો ત્યારે વહુએ ગદ્ગદ્ કંઠે ભગવાન“પુરૂષોત્તમની ઉત્તમ પ્રાર્થના કરી અને પતિદેવની પુનઃ પ્રાપ્તિ થાય તેની પ્રભુ પાસે માંગણી કરી. તેની પ્રાર્થના“પ્રભુએ સાંભળી લીધી હોઈ તેથી ગામમાં એક તેજસ્વી મહાત્મા પધાર્યા.“આ મહાત્માજીના ઉપદેશ સાંભળવા ગામ લોકો એકઠા થતાં. એક દિવસ આ મહાત્માજીની નજર“દુઃખી સાસુ-વહુ ઉપર પડી તેથી ઉપદેશ કથા પૂરી થયા બાદ બન્નેને પોતાની પાસે બોલાવ્યા અને તેની ચિંતાનું“કારણ પૂછ્યું, “હું તમને બન્નેને દરરોજ જોઉં છું. તમારા બન્નેના ચહેરા જોતા મને લાગે છે કે તમે કોઈ મોટી“આફતમાં આવી ગયા છો. તમે મને તમારું દુઃખ જણાવો. જો મારાથી બનશે તો એ અવશ્ય હું દૂર કરીશ.’’“ત્યારે વહુ તો રીતસર રડી પડી અને કહેવા લાગી “શું કહીંએ અમારા દુઃખડા મહાત્માજી...’’ પછી“વિગતવાર સર્વે હકીકત તે મહાત્માજીને વહુએ કહી સંભળાવી.“વિગત સાંભળી અને મહાત્માજીએ પૂછ્યું કે, “તારા એ પતિદેવ દેખાવે કેવા લાગતા હતા?’’“ઉત્તરમાં પત્નીએ પોતાના પતિનું પૂરેપૂરું વર્ણન કર્યું. તેનું વર્ણન સાંભળ્યું અને મહાત્માજી જરા વિચારમાં“પડી ગયા. પછી કંઈક વિચારતા જવાબ આપ્યો કે મારા આશ્રમમાં તમે જે વર્ણન કરો છો એવો એક શિષ્ય“મારી પાસે આવ્યો છે. આમ તો હું યાત્રાએ નિકળ્યો છું. પરંતુ મારી યાત્રા તો જ સફળ થશે જો હું તને તારો“પતિદેવ તારી સાસુને તેનો પુત્ર અને તારા બાળકોને તેનો પિતા મળી જશે માટે એમ કરો તમે સાસુ-વહુ અને“તમારા બાળકો મારી સાથે ચાલો. હું તમને મારા આશ્રમે લઈ જઈશ અને ત્યાં જો એ પુરૂષ તમારા ઘરનો જ“સભ્ય હશે તો તેની સાથે તમને મેળાપ કરાવી આપીશ.“મહાત્માજીની આજ્ઞાને માથે ચડાવી અને સાસુ-વહુ બાળકો સહિત મહાત્માજી સાથે ગયા. થોડા“દિવસો પછી તેઓ મહાત્માજીના આશ્રમે પહોંચ્યા ત્યારે રાત થઈ ગઈ હતી તેથી તેમને રહેવા માટે એક“ઓરડાની વ્યવસ્થા કરી આપી.“સવાર પડી એટલે સાસુ-વહુ અને બાળકોએ સવારની દિનચર્યા પતાવી. ત્યારબાદ મહાત્માજીએ તેમને સૌને પોતાની પાસે બોલાવ્યા. તેમને બેસાડ્યા, ત્યારબાદ પોતાના નવા થયેલા શિષ્યને પણ બોલાવ્યો તેને“જોઈ અને મહાત્માજીએ સાસુ-વહુને પૂછ્યું “આ તે જ પુરૂષ છે ને... ?’’“એટલે બન્નેએ હા પાડી તેમને સૌને જોઈને તે પુરૂષ પણ આશ્ચર્યમાં પડી ગયો. મહાત્માજીએ પોતાના“શિષ્યને આજ્ઞા આપી કે “બેટા, તું મારો શિષ્ય ખરો પરંતુ જેને ત્યાં લક્ષ્મી જેવી પત્ની અને પાર્વતી જેવી માતા“હોય તેણે તેમની સેવા કરી અને પોતાની ફરજ બજાવવાની હોય. તેમને નારાજ કરીને તું સાધુ થયો છે. પરંતુ“તારો એ સન્યાસીપણું એળે જાય. માટે એમને દુઃખી કરવાનું છોડી દઈ અને તું ફરી સંસારમાં જા અને એમને“સુખી કર. મારા આશીર્વાદ તારા પર કાયમ રહેશે.’’“આખરે ગુરૂની આજ્ઞાને માથે ચડાવી અને તેમનો શિષ્ય પોતાની માતા અને પત્ની સાથે જવા તૈયાર“થયો. સૌ મહાત્માજીને પગે લાગ્યા અને ત્યાંથી પોતાના ગામ તરફ જવા રવાના થયા.“આમ, સાસુ-વહુએ કરેલા પવિત્ર પુરૂષોત્તમ માસના શુભ ફળની પ્રાપ્તિ થઈ.

**આજનું ભજન**

તારા આંગણીએ કોઈ આશા કરી આવે રે
“આવકારો મીઠો આપજે રેજી“
તારા કાને કોઈ સંકટ સંભળાવે રે
“બને તો થોડું કાપજે રેજી
તારા...“માનવીની પાસે માનવી રે આવ
`“તારા દિવસો દેખીને દુઃખીયા આવે રે
“આવકારો મીઠો આપજે રેજી તારા...
“તમે કેમ આવ્યા છો ? એમ નવ કહેજે
અને ધીમે રે ધીમે રે બોલવા દેજે રે
“આવકારો મીઠો આપજે રેજી તારા...
“વાતો એની સાંભળીને આડું નવ જોજે રે
“એને માથું એ હલાવી હોંકારો દેજે રે
“આવકારો મીઠો આપજે રેજી તારા...
“કાગ અને પાણી પાજે સાથે બેસી જમજે
“એને ઝાંપા રે સુધી તું મેલવા જાજે રે
“આવકારો મીઠો આપજે રેજી“

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય — તા.૧૪-૮-૨૦૨૩ થી ૨૦-૮-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કૌટુંબિક વાતાવરણ મિશ્ર ફળદાયી નીવડે. વડીલ વર્ગ સાથે વૈચારીક મતભેદ સર્જાતા માનસિક તનાવ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ લાભદાયી નીવડે. તમારી મુખ્ય સમસ્યાનો ઉકેલ આવે. કર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ધંધાકીય ક્ષેત્રે મધ્યમ ફળ પ્રાપ્ત થાય. આ સમયમાં કાર્યબોજ વિશેષ રહે સાથે-સાથે તેનું યોગ્ય ફળ પણ મળે. આ સપ્તાહમાં કોઈ વિવાદમાં ન ઉતરવું કે કોઈ ઉતાવળીયા નિર્ણયો ન લેવા.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

કૌટુંબિક ક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધાકીય રૂકાવટો હલ કરી શકશો. નાણાંકીય લેવડ-દેવડમાં પણ તકેદારી રાખવી હિતાવહ. આ સમય દરમિયાન લાભની આશા ઠગારી નીવડે. જમીન-મકાનને લગતા કાર્ય મુલત્વી રાખવા. જીવનસાથી સાથે મતભેદ હશે તો તે દૂર કરી શકશો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

નોકરીયાત તેમજ વ્યાપારી વર્ગ માટે આ સપ્તાહ ઉત્તમ ફળદાયી નીવડે. અણધાર્યો લાભ આ સપ્તાહ દરમિયાન મળે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય. નવિન વાહન ખરીદીના યોગ છે. ધંધાના ક્ષેત્રમાં નવિન લાભની તક સાંપડે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવી. પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

તમારી નવી યોજના તમે સફળતાપૂર્વક પાર પાડી શકશો. તમારી માનસિક તાકાતમાં વધારો થતો જોવા મળે. સાહસિક કાર્યમાં ધીરજપૂર્વક સફળતા મેળવી શકશો. નાણાંકીય વ્યવહારોમાં સફળતા મળે. નાના-નાના આર્થિક લાભ મળ્યા કરે પરંતુ ખર્ચ પર કાબુ રાખવો નહિંતર આવક કરતા જાવકમાં વધારો થઈ જાય. કૌટુંબિક કાર્યમાં સફળતાને કારણે યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થતો જોવા મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

મનમાં અકારણ ચિંતા રહ્યા કરે. કાર્યબોજમાં વધારો થતો જોવા મળે. અટકેલા કાર્યો તેમજ દરેક પ્રકારના કાર્યો પૂર્ણતાના આરે પહોંચે. રોકાયેલા નાણાં અટકી-અટકીને છૂટા થાય. પારિવારીક જવાબદારીમાં અચાનક વધારો થાય. જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. પડોશીવર્ગથી મદદ મળે. અણધાર્યા પ્રવાસનું આયોજન થાય. મુસાફરી-પ્રવાસમાં લાભ કરી શકશો. મિલન-મુલાકાતમાં સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વ્યર્થ ઉદાસી ઘેરી ન વળે તેની તકેદારી રાખજો. નાણાકીય ક્ષેત્રે તમારી આવક-જાવક સરભર રહે. મોજ-શોખને લગતા વ્યર્થ ખર્ચ ન થઈ જાય તેની સાવચેતી રાખવી. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી સાથે મતભેદમાં ન ઉતરવું અન્યથા નુક્શાનીના ભોગ બનવું પડે. સંતાન દ્વારા લાભ મેળવી શકશો. મકાન-જમીન અંગેની સમસ્યાને ઉકેલી શકાય. આરોગ્ય અંગે પણ આ સમય દરમ્યાન સંભાળવું હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહમાં રચનાત્મક પ્રવૃત્તિઓ અત્યંત વેગવંતી બનાવવા તમે સેવેલી આશા ફળદાયી નીવડે. મનમાં ચંચળતાનો અનુભવ થતો લાગે. આર્થિક સમસ્યાના ઉકેલ માટે મહેનત વધારજો. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યાપાર-ધંધાના ક્ષેત્રમાં કાળજી રાખવી જરૂરી છે. લાંબા સમયથી વણ ઉકેલાયેલા પારિવારીક પ્રશ્નોનો ઉકેલ આવે. ઘર્ષણ કે વિવાદ ટાળવો જરૂરી બને. આ સમય દરમિયાન પ્રિયજનોનો પૂરતો સહકાર તમે પામી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

સામાજિક માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય સંબંધિત ચિંતા હલ થાય. અગત્યના નિર્ણયો લેવામાં આ સપ્તાહ દરમિયાન સફળતા મળે. હિતશત્રુઓથી ખાસ તકેદારી રાખવી તેમજ તમારી યોજનાઓનો આ સમય દરમિયાન બીજા સામે પ્રગટ ન કરવી. સંતાન વર્ગ દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. રાજકીય ક્ષેત્રમાં સાવચેતી રાખવા જેવો સમય છે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

કૌટુંબિક ક્ષેત્રને લગતા કાર્યોમાં સફળતા મેળવી શકશો. ધંધાકીય રૂકાવટ દૂર કરી શકશો. તમારા નવા આયોજનો સફળતાથી પાર પડે. રોકાયેલા નાણાં આ સમય દરમિયાન છૂટા થાય. માનસિક મૂંઝવણનો ઉકેલ મળે. જો તમારા પર દેવું હશે તો આ સપ્તાહ દરમિયાન તેમાંથી મૂક્ત થઈ શકશો. જીવનસાથીનો વિશ્વાસ સંપાદિત કરી શકશો. વડીલ વર્ગ દ્વારા તમને મદદ મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

અગત્યના કાર્યમાં તમારા ધાર્યા મુજબ સફળતા મેળવી શકશો. વ્યવસાયિક તેમજ નોકરીને લગતી સમસ્યા હલ થતી જોવા મળે. પારિવારીક જીવનમાં આનંદ-ઉત્સાહમાં વધારો થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે. ખોટા સાહસિક કાર્યોથી દૂર રહી ધીરજપૂર્વક અગત્યના નિર્ણયો લેવા. આકસ્મીક ધન લાભના યોગ જોવા મળે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. રાજકીય ક્ષેત્રમાં આ રાશીના લોકોએ સંભાળવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

વાહન-મકાન-સંપત્તિને લગતા કાર્યો માટે આ સમય પ્રતિકૂળ ગણાવી શકાય. મનમાં અશાંતિ અનુભવાય. નવિન લાભની તક હાથમાંથી સારી ન જાય તેની તકેદારી રાખજો. ગૃહજીવનમાં સમસ્યા રહે પરંતુ તેનો ધીરજપૂર્વક ઉકેલ લાવવા પ્રયત્નાશીલ રહેવું. અકારણ મનમાં ક્રોધ ન આવે તેની તકેદારી રાખજો. સંતાનવર્ગના આરોગ્ય બાબતો ચિંતા રહે. આકસ્મીક પ્રવાસના યોગ છે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન લે-વહેંચના કાર્યમાં સફળતા મળે. તમારી માનસિક શાંતિમાં વધારો થાય. નવિન લાભની તક સાંપડે. આર્થિક આયોજનોમાં સાવધાની રાખવી જરૂરી બને નહિંતર ભવિષ્યમાં તકલીફ પડે. જામીનગીરી કે કોર્ટ-કચેરીનો લગતા કાર્યોમાં આ સમય દરમિયાન સંભાળવું. જીવનસાથી સાથે પણ વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ.



# ૭૭મું સ્વાતંત્ર્ય પર્વ

## રાજ્ય મહોત્સવ-૨૦૨૩, વલસાડ



માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્ હસ્તે ધ્વજવંદન સમારોહ

## પ્રજાકલ્યાણના વિકાસકામો માટે કટિબદ્ધ
## ગુજરાત સરકાર

### આત્મનિર્ભર મહિલા

સૌ પ્રથમ વખત મહિલાલક્ષી યોજનાઓનું બજેટ ₹ ૧ લાખ કરોડને પારઃ
મહિલા કેન્દ્રિત ૨૦૦થી વધુ યોજનાઓનો સમાવેશ

### પ્રાકૃતિક કૃષિનો વધ્યો વ્યાપ

રાજ્યમાં ૭.૭૪ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા,
કુલ ૬.૮૪ લાખ એકરથી વધુ વિસ્તારમાં થઈ રહી છે પ્રાકૃતિક કૃષિ

### આરોગ્ય કવચ થયું બમણું

આયુષ્માન ભારત યોજના હેઠળની સહાય ₹ ૫ લાખથી વધારીને
₹ ૧૦ લાખ કરવામાં આવીઃ હાલ રાજ્યમાં ૧.૭૯ કરોડ
આયુષ્માન કાર્ડધારકો

### પ્રવાસનમાં પ્રથમ

પ્રવાસન ક્ષેત્રે વર્ષ ૨૦૨૨માં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત
સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાનેઃ ૧૭.૮૦ લાખ વિદેશીઓએ લીધી ગુજરાતની
મુલાકાતઃ દેશના પ્રવાસન ક્ષેત્રે ગુજરાતનો ૨૦.૭૦ ટકા હિસ્સો

### વંચિતોનો સર્વાંગી વિકાસ

રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ હેઠળ ₹ ૧ લાખ કરોડ પૈકી વર્ષ
૨૦૨૧ થી ૨૦૨૪ માટે અંદાજિત ₹ ૪૭,૦૦૦ કરોડથી વધુની કરી જોગવાઈ

વંચિતોના સામાજીક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ વડે સામાજીક
સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે પ્રયત્નશીલ રાજ્ય સરકાર

### યુવા સ્વાવલંબનને પ્રોત્સાહન

રાજ્યના ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન
યોજના હેઠળ ₹ ૧૮૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી ૨.૦ અંતર્ગત રાજ્યની ૧૧૬ શૈક્ષણિક
સંસ્થાઓને કુલ ₹ ૧૦.૨૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી

### આપત્તિ સામે સજ્જ રાજ્ય સરકાર

આગોતરાં આયોજન અને પૂર્વ તૈયારીઓથી રાજ્યમાં 'બિપરજોય'
વાવાઝોડાથી થનારા ગંભીર નુકસાનને સફળતાપૂર્વક ટાળી શકાયું :
૧ લાખથી વધુ નાગરિકોના સ્થળાંતરની
અભૂતપૂર્વ કામગીરીના કારણે ઝીરો કેઝ્યુઅલટી શક્ય બની

### સુદૃઢ શાળા શિક્ષણ

શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ ની ભવ્ય સફળતા :
આ વર્ષે ૯.૭૭ લાખ ભૂલકાંઓને આંગણવાડીમાં અને ૨.૩૦ લાખ
બાળકોએ ધોરણ-૧માં મેળવ્યો પ્રવેશ

રાજ્ય સરકાર દ્વારા ૨૫ હજાર શિક્ષકોની ભરતી કરાશે :
સરકારી સ્કૂલોમાં ૧૬ હજાર નવા ઓરડા બનાવવા
બજેટમાં ₹ ૯૩૭ કરોડની જોગવાઈ કરાઈ

### ઔદ્યોગિક વિકાસ થકી રોજગારી દરમાં વૃદ્ધિ

દેશમાં પ્રથમવાર સાણંદ ખાતે ₹ ૨૨,૫૧૬ કરોડના ખર્ચે સેમિકન્ડકટર
એસેમ્બલી, ટેસ્ટ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટ સ્થપાતા
આ ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી થશે

નવસારીના વાંસી-બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પીએમ મિત્ર પાર્ક
નિર્માણ પામશે : આશરે ૧ લાખ પ્રત્યક્ષ અને બે લાખ પરોક્ષ
રોજગારીનું સર્જન થશે

## સ્વાતંત્ર્ય પર્વની
## સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

**રાજ્યકક્ષાનો કાર્યક્રમઃ**
**તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૩, સવારે ૯.૦૦ વાગે,**
**સ્થળ :** એ.પી.એમ.સી. માર્કેટનું મેદાન, નેશનલ હાઈવે નં.૪૮,
મુ. ધમડાચી, તા. જિ. વલસાડ.



# CMના આદેશ બાદ મહેસુલ વિભાગ હરકતમાં, છેલ્લા ૧ મહિનામાં ૧૦ હજારથી વધુ પેન્ડિંગ ફાઈલનો નિકાલ કર્યો



ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહેલુસ વિભાગમાં રહેલ પેન્ડિંગ ફાઈલોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા ૧ મહિનામાં ૧૦ હજારથી વધુ પેન્ડિંગ ફાઈલનો નિકાલ કરાયો છે. જીલ્લા કલેક્ટર કક્ષાએ ઘણા સમયથી અનેક ફાઈલો પેન્ડિંગ હતી. જેમાં જમીન હેતુફેર, નવી શરત-જૂની શરત, પ્રીમીયમ ભરવાનાં કેસની પેન્ડિંગ ફાઈલોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવાનો આદેશ કરાયો છે. જીલ્લા કક્ષાએ ફાઈલોનો નિયત સમયમાં નિકાલ કરવા મુખ્યમંત્રીએ આદેશ આપ્યો હતો. થોડા સમય અગાઉ ગાંધીનગર મહેસુલ વિભાગ દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં મહેસુલ ખાતામાં વધુ એકસેવા ઓનલાઈન કરવામાં આવી છે. હયાતીમાં હક્ક દાખલ ફેરફારની નોંધની અરજી હવેથી ઓનલાઈન જ કરી શકાશે. આ નિર્ણય ના કારણે હવે વહીવટી પ્રક્રિયાને સરળ અને ઝડપથી નોંધ થઈ શકે તે માટે ઓનલાઈન વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મહત્વનું છે મહેસૂલ વિભાગ દ્વારા આ અંગે વિસ્તૃત વિગતો સાથે એક પરીપત્ર જાહેર કર્યો છે.જેને લઈને હવે અરજદારોને હવે મહત્વની ગણાતી આ અરજી માટે કચેરીના ધક્કા ખાવા બંધ થશે અને ઘેરબેઠા જ આ અરજી કરી શકાશે. હક્કપત્રકને ફેરફાર રજીસ્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે. એટલે કે જ્યારે મિલ્કત / જમીનમાં જે ફેરફાર થાય છે. ત્યારે આ પ્રક્રિયા અનુસરવાણી થતી હોય છે. જેમાં વેચાણ, તબદીલી, બક્ષીસ ગિરો વિગેરે પ્રસંગોએ હક્કપત્રકમાં ફેરફાર નોંધ પાડવામાં આવે છે તે રીતે જ્યારે ખાતેદાર / મિલ્કતધારકનું મૃત્યુ થાય ત્યારે પણ જે કાનુની જોગવાઈ કરાઈ છે તે પ્રમાણે ત્રણ મહિનાની અંદર ખાતેદારના મૃત્યુની જાણ મરણના દાખલા સાથે સબંધિત તલાટી / ઈ-ધરા મામલતદાર કચેરી કે સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટને અરજી કરવી ફરજિયાત હોય છે. જો ત્રણ માસમાં આવી જાણ કરવામાં ન આવે તો દંડ પણ થતો હોય છે.

# પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટી અને ક્લાર્કનું ફાઈનલ સિલેક્શન લિસ્ટ જાહેર



ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં તલાટી અને જુનિયર કલાર્ક પરીક્ષાનું સિલેક્શન લિસ્ટની રાહ જોઈને બેઠેલા ઉમેદવારોની આતુરતાનો અંત આવ્યો છે. પંચાયત સેવા પસંદગી બોર્ડના દ્વારા આ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૩૪૮૭ તલાટી અને ૧૧૮૧ જુનિયર ક્લાર્કનું ફાઈનલ સિલેક્શન લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૯ એપ્રિલે યોજાયેલી જુનિયર કલાર્ક અને ૭ મેના રોજ યોજાયેલી તલાટી-કમ-મંત્રીનું પરિણામ ૧૬ જૂને જાહેર કરાયું હતું. પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા એકસાથે પરિણામ જાહેર કર્યું હતું. આ સાથે જ ડોક્યુમેન્ટ વેરિફિકેશનની એક યાદી પણ જાહેર કરવામાં આવી હતી. તલાટીની પરીક્ષા પૂરી થતાં જ પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે જૂન મહિનામાં તલાટી મંત્રીની પરીક્ષાનું રિઝલ્ટ આપવાની અમારી નેમ હતી, જે તેમણે આજે સાચી સાબિત કરી હતી. તલાટી કમ મંત્રીની ૩૪૩૭ જગ્યા માટે અને જુનિયર ક્લાર્કની ૧૧૮૧ જગ્યા માટેનું ફાઈનલ સિલેક્ટ લિસ્ટ આજરોજ મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું પંચાયત સેવા પસંદગી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે ટ્વિટ કર્યું હતું. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ યોજાયેલી ગ્રામપંચાયત સેક્રેટરી (તલાટી-કમ-મંત્રી)ની સ્પર્ધાત્મક પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોનું પ્રોવિઝનલ રિઝલ્ટ મંડળની વેબસાઇટ રૅજ://ર્પ્રજજહ.ર્ક્ષદ્બટ્ટિં.ર્ખ્ટ્રદ્બૈ.હ ઉપર મૂકવામાં આવ્યું હતું, ઉમેદવારો પોતાના માર્ક્સ જોઈને પ્રિન્ટ કરી શકશે, સાથોસાથ પ્રમાણપત્ર ચકાસણી હેતુ માટેનું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ પણ મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, જેમાં સમાવિષ્ટ ઉમેદવારોનાં પ્રમાણપત્રોની ચકાસણીની પ્રક્રિયા સૂચના/ જાહેરાત હવે પછી મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ થશે. આ માટેની ચોક્કસ તારીખ- સમયગાળો અને એ માટેની વિસ્તૃત સૂચનાઓ હવે પછી મંડળની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્કની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૯ એપ્રિલે રાજ્યનાં ૩ હજાર કેન્દ્ર પર ૯.૫૩ લાખ જેટલા ઉમેદવારો પરીક્ષાર્થી નોંધાયા હતા. બપોરે ૧૨.૩૦ કલાકથી શરૂ થયેલી પરીક્ષા ૧.૩૦ વાગ્યા સુધી એક કલાક પરીક્ષા ચાલી હતી.

પંચાયતના જુનિયર ક્લાર્કના પરીક્ષા યોજાઈ હતી, પરંતુ પરીક્ષાનું પેપર લાંબું લાગ્યું હતું અને સમય ટૂંકો પડ્યો હતો. અમદાવાદમાં જુનિયર કલાર્કની પરીક્ષા દરમિયાનૈંર્ કક્ષાના અધિકારી દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. પરીક્ષા આપીને પરીક્ષાર્થીઓ પોતાના ઘર ભણી રવાના થયા હતા, જેના પગલે રાજ્યભરમાં ફાળવેલાં સેન્ટરો પરનાં બસ સ્ટેન્ડ પર મોટી ભીડ ઊમટી હતી. પરીક્ષા બાદ ઉમેદવારો ખુશ હતા. ઉમેદવારોને ચોરીની તક ન મળે એ માટે પ્રશ્નપત્ર લાંબું રાખ્યું હતું. શાંતિપૂર્વક પરીક્ષાની પૂર્ણાહુતિ થઈ. અંદાજે ૭૫ હજાર કર્મચારી આ પરીક્ષાની કામગીરીમાં જોડાયા હતા, ત્યારે આ પરીક્ષા શાંતિપૂર્વક પૂર્ણ થઈ. ૭મી મેના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા બપોરે ૧૨.૩૦થી ૧.૩૦ વાગ્યા સુધીમાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. રાજ્યનાં ૨૬૯૭ પરીક્ષા કેન્દ્રમાં ૨૮,૮૧૪ વર્ગખંડમાં પરીક્ષા યોજાઈ હતી. ઉમેદવારોની અંગજડતી કરીને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉમેદવારોએ બહાર નીકળતા જણાવ્યું હતું કે, પેપર થોડું લાંબું હતું, સમય ઘટ્યો પણ પેપર સારું રહ્યું છે.

# ૨૦૨૪ની ચૂંટણી પહેલા ભાજપ સોશિયલ મીડિયા ઉપર 'શંખનાદ' કરશે, બનાવ્યો ખાસ પ્લાન



નવી દિલ્હી, તા.૧૪


આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી માટે તમામ નાના-મોટા પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સોશિયલ મીડિયાના મહત્વ અને તાકાતને જોઈને ભાજપ લોકસભા ચૂંટણી પહેલા રાજય સ્તરે પ્રચાર કરશે. ભાજપ સોશિયલ મીડિયા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને આ માટે શંખનાદ અભિયાન શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે.

સરકારે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને સાત ઝોનમાં વિભાજિત કર્યા છે અને અભિયાનના સુચારૂ સંચાલન માટે દરેક ઝોનના ઝોનલ ઈન્ચાર્જ અને સ્વયંસેવકોના અલગ-અલગ ઈન્ચાર્જની નિમણૂક કરી છે. આ સ્વયંસેવકો માટે ૩૦ ઓગસ્ટ સુધીમાં દરેક રાજ્યમાં વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જેમાં રાજ્યની સોશિયલ મીડિયા ટીમની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે સભ્યોને લખેલા પત્રમાં કહ્યું છે કે, 'રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાના નેતૃત્વમાં શંખનાદ અભિયાન શરૂ કરવામાં આવશે. આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા રાજ્યથી તાલુકા સ્તર સુધી મશીનરીની સંભવિતતા અને મહત્વને ધ્યાનમાં રાખીને તમારા ઓન-ગ્રાઉન્ડ સોશિયલ મીડિયા નેટવર્કને વિસ્તૃત કરો.

ચૂંટણીની તૈયારીઓને ઝડપી બનાવવાના હેતુથી, પાર્ટી ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં રાજ્ય અને જિલ્લા સ્તરે સોશિયલ મીડિયા વર્કશોપ અને મીડિયા સ્વયંસેવકોની મીટિંગ્સનું આયોજન કરવા જઈ રહી છે. રાજયના સોશિયલ મીડિયા કોઓર્ડિનેટર્સને રાજયથી વિભાગીય સ્તર સુધી સોશિયલ મીડિયા અને આઈટી વિભાગોમાં સ્વયંસેવકોની નિમણૂકો અને વોટ્સએપ ગ્રૂપોની વિગતો સાથે તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે.

# SRP જવાનના મોત મામલે સાંજ સુધીમાં હત્યાની ફરિયાદ નોંધી સમગ્ર કેસ અંગે ગૃહસચિવને જાણ કરો : હાઈકોર્ટ





અમદાવાદ,તા.૧૪

જૂનાગઢમાં પોલીસ ડ્રાઈવરના રહસ્યમય મૃત્યુ કેસમાં હાઈકોર્ટે પોલીસ અધિકારીઓની ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા છે. SRP જવાનના રહસ્યમય મોતના ૫ મહિના બાદ પણ ફરિયાદ ન નોંધાતા હાઈકોર્ટે આજે જૂનાગઢના તત્કાલિન એસપી રવિ તેજા અને એ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટરને વેધક સવાલો કર્યા હતા. હાઈકોર્ટે બંન્ને પોલીસ અધિકારીઓને સવાલ કરતાં કહ્યું કે, માર્ચથી અત્યાર સુધીમાં શું તપાસ કરી તે અંગે રિપોર્ટ માગ્યો તેમજ હાઈકોર્ટે સાંજ સુધીમાં હત્યાની ફરિયાદ નોંધી સમગ્ર કેસ અંગે ગૃહસચિવને જાણ કરવા પણ હુકમ કર્યો છે. હાઈકોર્ટે સમગ્ર કેસમાં તત્કાલિન એસપી રવિ તેજાને સવાલ કર્યો કે હત્યા બાદ એસપી તરીકે શું તેમણે મૃતકના શરીર પર ઈજાના નિશાન જોયા હતા? શું પોલીસ જવાન ડ્રાઈવર છે તો તેમના મોતને ગંભીરતાથી નહીં લેવાનું? હાઈકોર્ટે કહ્યું હતું કે, માર્ચથી લઈ અત્યાર સુધીમાં તમે શું કર્યુ તેમજ શું તમે SP તરીકે ફોટોગ્રાફ્સ જોયા છે ?. કોર્ટે સવાલ કર્યો હતો કે, તમે અત્યાર સુધીમાં શું કર્યુ. કોર્ટે કહ્યું હતું કે, બંન્ને અધિકારીઓએ ગંભીર ગુનામાં બેદરકારી દર્શાવી છે જે અંગે ગૃહ સચિવને આ અંગે જાણ કરો. હાલ તિરસ્કારનો કેસ કરી રહ્યાં નથી. સમગ્ર કેસ અંગે ગૃહ સચિવને જાણ કરવા કોર્ટનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના વલણને લઈને પોલીસ અધિકારીઓએ પણ રિપોર્ટ પેન્ડિંગ હોવાના ગોળ ગોળ જવાબ આપ્યા હતા. મહત્વનું છે કે, માર્ચ ૨૦૨૩માં જૂનાગઢમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા બ્રિજેશ લાવડિયાની લાશ મળી હતી. ઝાડ ઉપર લટકતી લાશને લઈને પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધ્યો હતો. જો કે પોસ્ટમોર્ટમમમાં તેમના શરીર ઉપર માર મરાયાના નિશાનો જોવા મળ્યા હતા. પરિવારજનોએ પોલીસના જવાનો દ્વારા કોઈ કારણોસર બ્રિજેશ લાવડિયાની હત્યા કરી દેવાઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે હત્યાની આશંકા વચ્ચે પોલીસે સમગ્ર મામલે ૫ મહિનાથી ફરિયાદ ન નોંધતા આ મામલે હત્યાની આશંકા વધુ મજબૂત બની હતી. જેને લઈને મૃતકના પરિવારજનોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

# પ્રભાસ પાટણમાં મામા ભાણેજે પોતાની બોગસ કંપની ઊભી કરી કરોડોની છેતરપિંડી આચરી


## રોકાણ કરનારને ૧૦% વ્યાજ આપશે તેવું જણાવી અનેક લોકોને શીશામાં ઉતાર્યા હતા



ગીર સોમનાથ, તા.૧૪

ગીર સોમનાથના પ્રભાસ પાટણમાં મામા ભાણેજે પોતાની બોગસ કંપની ઊભી કરી લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરી છે. ગીર સોમનાથ એસપીના લોક દરબારમાં ફરિયાદ આવતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. પોલીસે ગણતરીના સમયમાં મામા ભાણેજને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્યારના ટેકનોલજી અને ઝડપી જમાનામાં લોકો રૂપિયા કમાવવા માટે ચારેય તરફ ભાગ દોડ કરે છે અને દિવસ રાત મહેનત પણ કરે છે. પરંતુ કેટલાક લોકો અત્યારના સમયમાં જલ્દી રૂપિયા કમાવવાની લાલચમાં અનેક લોભામણી જાહેરાતોમાં ફસાઈ જતાં હોય છે. આવો જ એક કિસ્સો ગીર સોમનાથમાંથી સામે આવ્યો છે. જે લોભામણી જાહેરાતોમાં પૈસા રોકતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો છે. જેમાં ગીર સોમનાથ એસપી દ્વારા દર ગુરુવારે લોકસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવે છે, સૌ કોઈ પોતાના પ્રશ્નો રજૂ કરી ફરિયાદ કરે છે અને જિલ્લા પોલીસ પણ સાંભળીને તાત્કાલિક પગલાં લે છે. તેવામાં ગત ગુરુવારના દિવસે લોક દરબારમાં કેટલાક લોકોએ પોતે કરેલા રોકાણના પૈસા પરત આપવાને બદલે ધાગધમકીઓ મળતી હોવાની પોલીસને માહિતી હતી. જે વિગતને આધારે પ્રભાસ પાટણમાં રહેતા હુસેન ઊર્ફે સબ્બીર ભાદરકા અને તેનો ભાણેજ હારૂન ભાદરકા પોતે બોગસ પેઢી જે.એમ.એન્ટરપ્રાઈઝ નામની દુકાન ધરાવતા અને પોતે પવનચક્કી, કન્સ્ટ્રક્શન અને વીજ પોલ બનાવતી પોતાની કંપનીમાં ઈન્વેસ્ટ કરો તો મોટું વ્યાજ તમને મળશે, તેવું કહી અનેક લોકોને શિશામાં ઉતાર્યાની પોલીસને માહિતી મળી હતી. પોલીસે આ માહિતી મળતા ઉપરોકત બંને આરોપીઓના ઘરે તપાસ કરતા બ ા ે ગ સ જે.એમ.એન્ટરપ્રાઈઝના અનેક જરૂરી ડોક્યુમેન્ટ અને ચેકો મળી આવ્યા હતા. જેથી પોલીસે બંનેની અટક કરી હતી. પોલીસે આ બાબતે રાજકોટમાં રહેતા અંજુમભાઈ સોરાની પણ ફરિયાદ જાણતા અંજુમભાઈ પાસેથી એક ૧ કરોડ ૧૮ લાખ ૩૦ હજાર રોકાણના નામે લઈ અને પરત આપ્યા ન હોવાની પણ માહિતી મળી હતી. જોકે, હાલ પોલીસે આ જ બોગસ પેઢીના સંચાલકો બંને સામે સાત ફરિયાદીઓ સમગ્ર રાજ્યભરમાંથી સામે આવ્યા છે. રોકાણ કરનારને ૧૦% વ્યાજ આપશે તેવું જણાવી અનેક લોકોને શીશામાં ઉતાર્યા હતા. જેથી કરોડો રૂપિયાનું ચિટીંગ આ મામા ભાણેજે કર્યું હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. પોલીસે બંનેને પકડી અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યભરમાં કોઈપણ વ્યક્તિ આ બંને આરોપીઓના ચિટીંગમાં ફસાયા હોય તો તેમને પ્રભાસ પાટણ પોલીસનો સંપર્ક કરવા પણ જણાવવામાં આવ્યું છે.

# એક મહિલા જેના બળ ઉપર ઊભું છે TATA જૂથ : તેમણે બધું ગીરવે મૂક્યું, જેના ઉપર હતો અપાર પ્રેમ, એમ જ નથી સફળ




ટાટા ગ્રુપ જે આજે આકાશની ઉંચાઈ પર છે તેને લઈ જવામાં એક મહિલાનું મહત્વનું યોગદાન છે. તમે સફળતાની ઘણી વાતો તો સાંભળી જ હશે, પરંતુ આજે અમે તમને જે વાર્તા જણાવવા જઈ રહ્યા છીએ તે સંપૂર્ણ રીતે એક જાજરમાન સ્ત્રી સાથે જોડાયેલી છે. જેમણે ખરાબ સમયમાં પોતાના પતિના પરિવારને સાથ આપ્યો એટલું જ નહીં, ડૂબતા પણ બચાવ્યા. જો આ મહિલા ન હોત તો કદાચ ટાટા જૂથ આજે આટલું મોટું ન હોત. ટાટા ગ્રૂપની આજે દુનિયામાં ચર્ચા છે પરંતુ આ મહિલાનું નામ લોકો ભૂલી ગયા છે. બહુ ઓછા લોકો હશે જેઓ તેમનું નામ જાણતા હશે. અમે વાત કરી રહ્યા છીએ ટાટા ગ્રુપના બીજા ચેરમેન સર દોરાબજી ટાટાના પત્ની મેહરબાઈ ટાટા વિશે. મેહરબાઈ તેમના સમય કરતા ઘણા આગળ હતા. તેમણે માત્ર બાળવિવાહ સામે જ લડત ચલાવી નહતી, પરંતુ અનેક સામાજિક કાર્યો પણ કર્યા હતા. તમે જમશેદપુરની મેહરબાઈ કેન્સર હોસ્પિટલ કે સર દોરાબજી ટાટા પાર્કની મુલાકાત લો, મેહરબાઈ સાથે જોડાયેલી ઘણી યાદો તાજી થશે. ચાલો આગળ વાંચીએ તેમની રસપ્રદ વાર્તા

મેહરબાઈ પાસે કોહિનૂર કરતા બમણા મોટા હીરા હતા. શું તમે જાણો છો કે ૧૯૨૦માં જ્યારે TISCO (હાલનું ટાટા સ્ટીલ) પતનની આરે હતું, ત્યારે મહેરબાઈએ તેમના દાગીના બેંકમાં ગીરવે મૂકીને પૈસા ઊભા કર્યા હતા. મહેરબાઈ વિશે એવી ઘણી વાર્તાઓ છે, જે તમારા હૃદયને સ્પર્શી જશે. મેહરબાઈ પાસે ખૂબ જ સુંદર કિંમતી હીરા હતા. ૨૪૫-કેરેટ જ્યુબિલી ડાયમંડ પ્રખ્યાત કોહિનૂર કરતા બમણો હતો અને તે તેમના પતિ સર દોરાબજી ટાટા તરફથી તેમને ભેટ હતી. ૧૯૦૦ના દાયકામાં તેની કિંમત આશરે ₹૧૦૦,૦૦૦ હતી. સ્પેશિયલ પ્લેટિનમ ચેઈનમાં ફીટ કરાયેલા આ હીરાને જોઈને દરેક લોકો દંગ રહી ગયા હતા.

કિંમતી ઝવેરાત સાથે જ્યુબિલી ડાયમંડ ગીરવે મૂક્યો ૧૯૨૦ ના દાયકામાં, ટાટા સ્ટીલ (તે સમયે TISCO તરીકે ઓળખાતું હતું) એક મોટી નાણાકીય કટોકટીમાંથી પસાર થયું હતું અને તે પતનની આરે હતું. દોરાબજી ટાટા કંઈ સમજી શક્યા ન હતા. કંપનીને કેવી રીતે બચાવવી, પરંતુ કોઈ રસ્તો નહોતો. તેથી જ મહેરબાઈએ જ્યુબિલી ડાયમંડ ગિરવે મૂકીને પૈસા ભેગા કરવાની સલાહ આપી. પહેલાં તો દોરાબજીએ ના પાડી પણ પછીથી પત્નીની સલાહ સ્વીકારવી પડી. તેમને ઈમ્પીરીયલ બેંક પાસે આ હીરો ગીરો મુકવામાં આવ્યો હતો. બાદમાં આ હીરાનું વેચાણ કરવામાં આવ્યું હતું અને તેની આવકનો ઉપયોગ સર દોરાબજી ટાટા ટ્રસ્ટની રચના માટે કરવામાં આવ્યો હતો, જે ભારતમાં ઘણી પરોપકારી પ્રવૃત્તિઓમાં મોખરે છે.

મેહરબાઈ ટાટાએ અનેક સામાજિક કાર્યો કર્યા૧૯૨૯માં પસાર થયેલા શારદા અધિનિયમ અથવા બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ માટે જેમની સલાહ લેવામાં આવી હતી તેમાંની એક મહિલા મહેરબાઈ ટાટા હતી. તેમણે ભારતમાં તેમજ વિદેશમાં સક્રિયપણે પ્રચાર કર્યો હતો. તેઓ રાષ્ટ્રીય મહિલા પરિષદ અને અખિલભારતીય મહિલા પરિષદનો પણ ભાગ હતા. ૨૯ નવેમ્બર, ૧૯૨૭ના રોજ લેડી મહેરબાઈએ મિશિગનમાં હિન્દુ મેરેજ બિલ માટે કેસ કર્યો. તેમણે ૧૯૩૦માં અખિલ ભારતીય મહિલા પરિષદમાં મહિલાઓ માટે સમાન રાજકીય દરજ્જાની માંગ કરી હતી. લેડી મહેરબાઈ ટાટા ભારતમાં ઈન્ડિયન વુમન્સ લીગ એસોસિએશનના પ્રમુખ હતા અને બોમ્બે પ્રેસિડેન્સી વિમેન્સ કાઉન્સિલના સ્થાપકોમાંના એક હતા.

# ‘સામાજિક સમરસતામાં સંત સાહિત્યની ભૂમિકા’ વિષય ઉપર રાજ્ય કક્ષાનો પરિસંવાદ યોજાયો : સમાજોપયોગી માહિતીની આપ-લે : વિદ્વાન વક્તાઓ જોડાયા






(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢતા.૧૪

શ્રી કેશવ સ્મારક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ જૂનાગઢ, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ, કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તથા સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે ‘સામાજિક સમરસતામાં સંત સાહિત્યની ભૂમિકા’ વિષય ઉપર એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન થયું હતું. સમગ્ર દિવસ દરમ્યાન ચાર સેશનમાં યોજાયેલ એકદિવસીય પરિસંવાદમાં દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની પૂર્વભૂમિકા અને સ્વાગત પ્રવચન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીએ કર્યું હતું. તેમને આજના જમાનામાં સમરસતાનું મહત્વ સમજાવ્યું હતું. સાથે સાથે હાજર રહેલ સૌ મહેમાનોને તેઓએ શબ્દોથી આવકાર્યા હતા. ત્યારબાદ મહેમાનોનો પરિચય કેશવ સ્મારક પ્રતિષ્ઠાન ટ્રસ્ટના અધિકારી પ્રો.(ડો.) રાજેન્દ્રસિંહ પરમારે આપ્યો હતો. ચાપરડા આશ્રમના મહંત પૂજ્ય મુક્તાનંદ બાપુએ પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું હતું કે સમાજની સમતુલા જાળવવામાં સંતોની ભૂમિકા મહત્વની રહી છે અને અખંડ ભારત રાખવા માટે સંતો મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. પરીક્ષાલક્ષીને બદલે જીવનલક્ષી અભ્યાસ હોવો જોઈએ એવું પણ શ્રી મુક્તાનંદ બાપુએ જણાવ્યું હતું, તેઓએ જ્ઞાતિવાદ, જાતિવાદ દૂર કરી રાષ્ટ્રભાવનાનું સાતત્ય જાળવી રાખવા ઉપર ભાર મૂક્યો હતો. ‘વસુદેવ કુટુંબકમ’ની ભાવના સાથે રાષ્ટ્રભાવના સમજાવી હતી.

પ્રથમ સેશનમાં બીજરૂપ વક્તવ્ય કુમુદજી શર્મા કે જેઓ સાહિત્ય અકાદમી દિલ્હીના વાઈસ ચેરમેન છે અને હિન્દી વિભાગમાં પ્રોફેસર છે તેઓએ વિવિધ રાજ્યોમાં સંતોના ફાળા વિશે વાત કરી હતી, જેમાં નરસિંહ મહેતા, કબીર, તુકારામ, જલારામબાપા, દાસારામ, બાપાસીતારામ, રવિદાસ, ગુરૂનાનક, ચૈતન્યજી, રૈદાસ, લલેશ્વરીજી વિગેરેનો સમાવેશ થતો હતો. બીજા સેશનમાં મોરબી ખાતે આશ્રમ ધરાવતા શ્રી ભાણદેવજીએ સંતોની સમરસતામાં શું ભૂમિકા છે તેનું મહત્વ સમજાવ્યું હતું અને તેઓએ ગંગા સતી, પાનબાઈના અધ્યાત્મિક જીવનનું મહત્વ સમજાવ્યું હતું. આનંદ આશ્રમ ઘોઘાવદરના નિરંજનભાઈ રાજયગુરુએ પ્રાચીન, મધ્યકાલીન તથા આધુનિક ભારતના જીવતર વિશેની મહત્વની વાત કરી હતી અને સાથે સાથે સહન કરે તે સંત આપે તે સંસારી આ ટાઈપના સંતના લક્ષણો વર્ણવ્યા હતા. કેશોદના સાહિત્યકાર નાથાલાલ ગોહિલે જણાવ્યું હતું કે ગિરનાર એટલે સમરસતાનું બિંદુ છે અને તેઓએ વિવિધતામાં એકતા એટલે કે ભારતીય અને ભારતમાતાનો ઉલ્લેખ કરીને વર્ગભેદ, જ્ઞાતિભેદ, જાતિભેદ, ધર્મભેદ વિગેરે એક પણ જાતનો ભેદ ન રાખવા કહ્યું હતું. તૃતીય સેશનમાં પસંદગી પામેલ સંશોધનપત્રોનું વાંચન કરાવવામાં આવ્યું હતું. જેમાં અધ્યાપક વિભાગમાં અને વિદ્યાર્થી વિભાગમાં કુલ ૫૦ પેપર્સમાંથી છ છ સંશોધનપત્રોનું વાંચન થયેલું હતું જેમાં ચેરમેન તરીકે સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.) જયસિંહઝાલા રહ્યા હતા. સમાપન સમારોહમાં મહેમાનોનું સ્વાગત પ્રવચન અને પરિચય કૃષિ યુનિવર્સિટી જૂનાગઢના કુલપતિ પ્રો.(ડો.) વી.પી. ચોવટીયાએ કર્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યવાહ મહેશભાઈ ઓઝાએ સંતોની સમરસતામાં શું ભૂમિકા હોઈ શકે અને સમાજમાં કોઈપણ જાતના નાત જાતના ભેદભાવ વગર આપણે કઈ રીતે રહી શકીએ ? ભારતમાં રાષ્ટ્રભાવના ભારતમાં કઈ રીતે વિકસિત થાય? તે વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. અવધૂત આશ્રમ જૂનાગઢના મહંતશ્રી મહાદેવગીરી બાપુએ પોતાના પ્રવચનમાં સંતોની સમરસતા અંગે શું ભૂમિકા હોઈ શકે અને સંતોનું કેવું યોગદાન હોઈ શકે? કેવા યોગદાનથી સારા અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થઈ શકે ? તે અંગે સમજણ આપી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યશભાઈ જહાએ જણાવ્યું હતું કે સમાજમાં સમરસતાનું શું મહત્વ છે ? સમરસતાના સંદર્ભમાં ગુજરાત અને ભારતની હકારાત્મક ઓળખ કેવી રીતે થઈ શકે ? ભારત દેશને કઈ રીતે વિકસિત કરી શકાય ભારત દેશને કઈ રીતે વિશ્વ ગુરૂ બનાવી શકાય ? વિગેરે વિશે વાત કરી હતી. ચારેય સેશન દરમ્યાન અનુક્રમે ચેતેશભાઈ ઓઝા, પ્રો. રમેશભાઈ મહેતા, ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય, ડો.પરાગ દેવાણીએ સંચાલન કર્યું હતું. અંતમાં આભારવિધિ ચંદુભાઈ ચોવટિયાએ કરી હતી.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે કરવામાં આવેલ ડો. વિક્રમ એ. સારાભાઈ જન્મ જયંતી ઉજવણી




(મીનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસ-પાટણ તા.૧૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મ ભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન ગીર સોમનાથ દ્વારા ડો.વિક્રમ એ. સારાભાઈની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વ્યાખ્યાનમાળામાં લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયાએ જણાવેલ કે દેશના મહાન વૈજ્ઞાનિકોમાંના એક વિક્રમ સારાભાઈની ૧૦૪મી જન્મજયંતિ છે. આ સ્વપ્નદ્રષ્ટા વૈજ્ઞાનિક કે જેને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અવકાશ સંશોધન અને પરમાણુ ઉર્જા વિકાસ શરૂ કરવા માટે જવાબદાર છે. સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ, ૧૯૧૯ના રોજ થયો હતો. તેઓ અમદાવાદની ગુજરાત કોલેજમાં ભણ્યા હતા, પરંતુ બાદમાં તેઓ ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં શિફ્ટ થયા હતા. સારાભાઈએ ૧૯૪૭માં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)ની સ્થાપના કરી હતી. PRLને ભારતમાં અવકાશવિજ્ઞાનના પારણા તરીકે પણ ઓળખવામાં આવે છે. વિક્રમ સારાભાઈ એક ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ઉદ્યોગપતિ હતા. જેમણે અવકાશસંશોધનની શરૂઆત કરી અને ભારતમાં પરમાણુ શક્તિ વિકસાવવામાં મદદ કરી. તેમના પ્રયાસોનું પરિણામ એ આવ્યું કે આજે આપણા દેશમાં ISRO જેવી વિશ્વસ્તરીય સંસ્થા છે. સારાભાઈએ ૧૯૬૩માં વૈજ્ઞાનિકો સાથે મળીને એક નાનું રોકેટ અવકાશમાં છોડ્યું હતું. આ માટે તે તિરુવનંતપુરમના એક ગામ થુંબા ગયા હતા. જ્યાં ન તો ઈન્ફ્રાસ્ટ્રક્ચર હતું કે ન તો ત્યાં બનેલી ઓફિસમાં છત હતી. આજે તે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર તરીકે ઓળખાય છે. તેમણે NASAનો સંપર્ક કર્યો અને ૧૯૭૫માં સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરિમેન્ટ (SITE)ની સ્થાપના કરી હતી. આ કારણે ભારતમાં કેબલ ટીવીનો યુગ શરૂ થયો. ભારત સરકારે તેમને ૧૯૬૬માં પદ્મ ભૂષણ અને ૧૯૭૨માં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા. ડો. વિક્રમ એ. સારાભાઈની ૧૦૪મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વિજ્ઞાન અને ટેકનોલોજી અંગે જાગૃતિ માટે તારીખ ૧૨/૦૮/૨૦૨૩ થી ૧૩/૦૮/૨૦૨૩ સુધી ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવેલ હતું. આ ક્વિઝ દ્વારા લોકોમાં ડો. વિક્રમ એ. સારાભાઈ તથા અવકાશ સંશોધન વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઓનલાઈન ક્વિઝમાં ગુજરાતભરમાંથી લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા તેમના રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈ.ડી. ઉપર ફોર કલર પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ડો. વિક્રમ એ. સારાભાઈ જન્મ જયંતી ઉજવણી પ્રસંગે ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ શોર્ટ ફિલ્મ "ધ પાયોનીયર" બતાવવામાં આવેલ અને અંતમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ આ તમામ કાર્યક્રમમાં કુલ ૪૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોકવિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડિનેટર વિજયભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવેલ હતું.

# જુનાગઢ વેલાવડ ખાતે ગુજરાત ચુંવાળીયા કોળી સમાજ દ્વારા સંત શ્રી વેલનાથ બાપુની દ્વિતિય દિવ્ય ધ્વજાઆરોહણ યાત્રાની રંગેચંગે ઉજવણી

(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢતા.૧૪



ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ અને ઉદ્યોગપતિ ભામાશા ધર્મેશભાઈ જંજવાડિયા ચુંવાળીયા કોળી સમાજના ધર્મગુરૂ દ્વારા સંત શિરોમણી બાપુની આરાધ્ય ચેતન સમાધિ વેલાવડની જગ્યા ભવનાથ જુનાગઢ ખાતે દ્વિતિય દિવ્ય ધ્વજાઆરોહણ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાનું પ્રસ્થાન ઢોલ નગારા શરણાઈ અને ડીજેના તાલે જય વેલનાથના નાદ સાથે સવારે દશ કલાકે ભારતી આશ્રમથી કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ, ગિર-સોમનાથના સંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા તથા ચુંવાળીયા કોળી સમાજના હળવદના પૂર્વ ધારાસભ્ય પરશોતમભાઈ સારીયા તથા ગુજરાતભરમાંથી ચુંવાળીયા કોળી સમાજના સામાજીક રાજકીય આગેવાનો તથા સંગઠનો મંડળો તથા ભાઈઓ અને બહેનોએ આ દિવ્ય ધ્વજાઆરોહણ યાત્રામાં બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને આ દિવ્ય ધ્વજાઆરોહણ યાત્રા ભવનાથના મુખ્ય માર્ગો ઉપર ફરી વેલાવડ ખાતે પહોંચી હતી. જ્યાં પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડિયા પરિવાર અને આમંત્રિત લોકો દ્વારા સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુની જગ્યાએ દિવ્ય ધ્વજાઆરોહણ કરવામાં આવેલ અને તમામ આમંત્રિત આગેવાનો અને કાર્યકરોનું ફૂલહાર અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોળી સમાજનું ગૌરવ એવા કોકીલ કંઠી લલિતાબેન ઘોડાદ્રા તથા કોળી સમાજની ઉભરતી કલાકાર કિંજલ મકવાણા તથા સાથી કલાકારો દ્વારા સંત વેલનાથ બાપુના ભજનો ગવાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ અને જૂનાગઢની ટીમ દિનેશભાઈ મકવાણા, બાલાભાઈ પંચાસરા, નટુભાઈ કુવરીયા, ચેતન મકવાણા, ભરતભાઈ ડાભી, દેવભાઈ કોરડીયા, ભરતભાઈ બાલોદ્રા, વિજયભાઈ ડાબસરા, જૂનાગઢ શહેર તથા તાલુકાના આગેવાનો બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, અશોકભાઈ મકવાણા, જીતેન્દ્ર રાનેરા, સમજુભાઈ સોલંકી, મોહનભાઈ માંડવિયા, જીગરભાઈ પરમાર, જયરાજભાઈ મકવાણા, ગુજરાતભરમાંથી આવેલા આગેવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અંતમાં આ દિવ્ય ધ્વજાઆરોહણ યાત્રામાં સહભાગી થઈ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડિયા દ્વારા તમામનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢ : શ્રી રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે




(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢતા.૧૪

ભવનાથ તળેટી સ્થિત શ્રી રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ ખાતે શ્રી પંચ દશનામ જુના અખાડાના રાષ્ટ્રીય ઉપાધ્ય અને ગિરનાર મંડળના અધ્યક્ષ પુ.ઈન્દ્રભારતીબાપુ દ્વારા તેમના આશ્રમ ખાતે છેલ્લા એક દાયકાથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવે છે.

રાષ્ટ્રપ્રેમી સંત એવા પુ.બાપુ દ્વારા ભવનાથ ક્ષેત્રમાં સૌપ્રથમ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજી અને શરૂ કરાવેલ. આજે અનેક આશ્રમો ધર્માલયમાં પણ તેમની પ્રેરણાથી ધ્વજવંદનના કાર્યક્રમ યોજાય છે.

આવતીકાલે પુ.બાપુના આશ્રમ ખાતે સવારે નિર્ધારીત સમયે પુ.ઈન્દ્રભારતીબાપુ ત્રિરંગો લહેરાવી સલામી આપશે. તેની સાથે ગિરનાર મંડળના સાધુસંતો તેમજ મેયર ગીતાબેન પરમાર, ડે.મેયર ગીરીશભાઈ કોટેચા, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા સહિત સર્વપક્ષીય આગેવાનો દ્વારા ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાશે.

# પ્રાચી તીર્થના કેન્સર બીમારીથી પીડિત યુવાનની વહારે આવવા અપીલ







(જાદવ ચુડાસમા દ્વારા)
પ્રાચી તીર્થ તા.૧૪

યાત્રાધામ પ્રાચી તીર્થના રહેવાસી સાધુ સમાજના શૈલેષગીરી કનુગીરી ગોસ્વામી જેને કેન્સરની બીમારી છે. ત્યારે તેમની વહારે આવા લોકોને અપીલ કરવામાં આવી છે. જેમને કેન્સર જેવી બીમારી હોય તેમનું ઓપરેશન પણ કરાવી લીધેલ પરંતુ તેમની આર્થિક સ્થિતિ એકદમ નાજુક પરિસ્થિતિ છે. જેમના માતા-પિતા પણ વૈશ્વિક કોરોના મહામારીમાં મૃત્યું થયેલ હોય તથા ઘરમાં હાલત ગંભીર પરિસ્થિતિ છે. ઘરમાં બંને ભાઈ-બહેન જ હોય જેમાં ભાઈને જ કેન્સરની બીમારી હોવાથી કમાવનારૂ ને ગંભીર પ્રકારની બીમારી લાગુ પડતા તેઓ હાલ કફોડી હાલતમાં મુકાઈ ગયેલ છે. તો દરેક લોકો, માનવતા ભાઈ-બહેનોને અરજ કરવામાં આવે કે જેમને ફૂલની નહીં તો ફૂલની પાંખડી સમાન મદદરૂપ થવા અપીલ કરવામાં આવે છે. જેમનો એસબીઆઈ બેંક ખાતા નંબર ૩૨૮૬૯૨૪૮૫૫૧ તથા તેમના પેટીએમમાં જમા કરાવવા તથા તેઓને રૂબરૂ મદદરૂપ થવું હોય તો માધવરાયજીના મંદિરની પાસે શૈલેષગીરી કનુગીરી ગોસ્વામી મકાન આવેલ છે.

# આવતીકાલે ગરવા ગિરનારની ગોદમાં આવેલા જટાશંકર મહાદેવ મંદિરે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢતા.૧૪

જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં આવેલ પ્રાચીન જટાશંકર મહાદેવની જગ્યાના મહંત પુ.પુર્ણાનંદબાપુ દ્વારા વર્ષોથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવેલ છે.

જેમાં આવતીકાલે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સવારે પુર્ણાનંદબાપુ ત્રિરંગો લહેરાવી ધ્વજવંદન કરશે. આ કાર્યક્રમમાં હસુભાઈ જોષી, પરેશભાઈ ત્રિવેદી, પ્રફુલભાઈ જોષી, યોગીશભાઈ પઢીયાર તેમજ સામવેદ સંસ્કૃત પાઠશાળાના ગુરૂજી ચેતનભાઈ શુકલા, સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને જટાશંકરના ભકતો સેવકો પણ ઉપસ્થિત રહી ધ્વજવંદન કરશે અને બપોરે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું છે.

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે અમદાવાદ બાપા સીતારામ ટ્રસ્ટ દ્વારા સરાહનીય સ્વચ્છતા અભિયાન



(જાદવ ચુડાસમા દ્વારા)
પ્રાચી તીર્થ તા.૧૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે અમદાવાદના બાપા સીતારામ ટ્રસ્ટ દ્વારા સરાહનીય સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યો હતું. સ્વચ્છતા ત્યાં પ્રભુતાના મંત્ર સાથે શિવભકતોની ૧૩ વર્ષથી અનોખી પ્રભુભકિત કરે છે. પ્રાંચી તીર્થના આજુબાજુ વિસ્તારમાં બાપાસીતારામ ટ્રસ્ટના ગ્રુપ દ્વારા સ્વચ્છ મિશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સરસ્વતી ઘાટ ઉપર તથા માધવરાયજી ગ્રાઉન્ડ તથા સોમનાથ ટ્રસ્ટના મંદિરોમાં સફાઈ કરવામાં આવી હતી છેલ્લા ૧૩ વર્ષથી આ ટ્રસ્ટના ગ્રુપ જોડે અહીં આવે છે. ત્યારે આ સ્વછતા અભિયાન સરાહનીય કામગીરી લોકો દ્વારા બિરદાવી હતી અને કચરો કચરાપેટીમાં જ નાખવા અપીલ કરાઈ હતી.

# આજે વિંછીયામાં મારી માટી, મારો દેશ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ




(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢતા.૧૪

રાજકોટના વિંછીયા ખાતે મારી માટી મારો દેશ માટીને નમન વીરોને વંદન સાંસ્કૃતિક કાર્યક્રમનું અને ભવ્ય લોકડાયરાનું માર્કેટ યાર્ડ સામેના મેદાનમાં આજે સાંજે ૭-૩૦ કલાકે આયોજન કરાયું છે.

જેમાં લોકગાયીકા લલીતાબેન ઘોડાદ્રા તથા બોટાદના યુવા સાહિત્યકાર પ્રતાપ મહેતા (ગોરભા) તથા અરવીંદભાઈ બગથરીયા, દિલીપભાઈ ગઢવી, મહેશભાઈ ગઢવી, જયદિપ મહારાજ સહિતના કલાકારો પોતાની કલારસ પીરસશે અને જમાવટ કરશે.

# જૂનાગઢ શ્રી રૂદ્રેશ્વર જાગીર આશ્રમની મુલાકાતે ડો.ભરત બોઘરા



(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢતા.૧૪

જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમની મુલાકાત ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરાએ લીધી હતી. અને પુ.ઈન્દ્રભારતી બાપુના આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ઉપરોક્ત તસ્વીરમાં પુ.બાપુના આશિર્વાદ લેતા ભરતભાઈ તેમજ તેમની સાથે જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ તથા શહેર ભાજપના પ્રમુખ પુનિત શર્મા સહિતના નજરે પડે છે.

